અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ જુલાઈ ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૧૧ | અંક : ૩૪૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**કેજરીવાલની ભવિષ્યવાણી સાચી ઠરશે!** | ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યો યોગી મામલે સલાહ આપવાનું શરૂ કરી દીધું છે અને સવાલો ઉઠાવવા લાગ્યા છે

# યોગીની ખુરશી ડગમગી, ભાજપમાં જબરદસ્ત નારાજગી



| (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૧૬ |

લોકસભા ચૂંટણીના પરિણામોએ ઉત્તર પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીને મોટો ફટકો આપ્યો છે. સપા-કોંગ્રેસ ગઠબંધનના શાનદાર પ્રદર્શન બાદ યોગી આદિત્યનાથની આગેવાનીવાળી સરકાર સામે સવાલો થઈ રહ્યાં છે. બે દિવસ પહેલા, યુપી વર્કિંગ કમિટીની બેઠકમાં, હજારો કાર્યકરોએ પરિણામોનું કારણ જાણવા માટે મંથન કર્યું અને આગામી ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેમના વિચારો શેર કર્યા હતા. જો કે, આ દરમિયાન, ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યોએ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સહયોગી અને મંત્રી સંજય નિષાદની સાથે વિધાન પરિષદના સભ્ય દેવેન્દ્ર પ્રતાપ સિંહે નોકરશાહી પર સવાલો ઉઠાવ્યા છે. આ પહેલાં ધારાસભ્ય રમેશ મિશ્રા અને પૂર્વ મંત્રી રાજેન્દ્ર સિંહે પણ સરકારની ફરી રચના અને ભ્રષ્ટાચારના મુદ્દે સવાલો ઉઠાવ્યા હતા. કેશવ પ્રસાદ મોર્યા દિલ્હીની નજીક અને યોગીથી દૂર થઈ રહ્યાં છે. કેશવ પ્રસાદ મોર્યે તો એટલે સુધી કહી દીધું છે કે સંગઠન એ સરકારથી ઉપર છે. તેઓ ફ્રન્ટફૂટ પર હાલમાં રમી રહ્યાં છે. BJP MLC દેવેન્દ્ર પ્રતાપ સિંહે ઝસ યોગીને પત્ર લખીને સવાલ ઉઠાવ્યા છે. બીજેપી એમએલસીએ પૂછ્યું કે અચાનક એવું શું થયું કે રાજ્યની જનતા તમારી સરકારથી નારાજ થઈ ગઈ છે. આ સાથે ઓનલાઈન હાજરીનો નિર્ણય પાછો ખેંચવાની સાથે જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવાની તેમને માગણી પણ કરી દીધી. તેમણે લખ્યું છે કે ઘણા કારણોએ એક સાથે મળીને ૨૦૨૪નું પરિણામ બગાડી દીધું છે. સીએમ યોગીને સલાહ આપતા એમએલસી દેવેન્દ્ર પ્રતાપ સિંહે પત્રમાં લખ્યું કે તમારે અધિકારીઓના ષડયંત્રથી બચવું પડશે. પ્રજાના મનમાં સરકારની છબી શિક્ષક અને કર્મચારીઓ વિરોધી બની ગઈ છે. આ માટે નોકરિયાતો જવાબદાર છે, તેમના દ્વારા લેવામાં આવેલા નિર્ણયોથી જનતા નારાજ છે. નોકરિયાતો દ્વારા લેવાયેલા નિર્ણયો સરકાર માટે અભિશાપ બની ગયા છે.

યોગી સરકારમાં કેબિનેટ મંત્રી અને નિષાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય નિષાદે ફરી એકવાર અધિકારીઓ પર જોરદાર પ્રહારો કર્યા છે. મંત્રી સંજય નિષાદે કહ્યું કે કેટલાક અધિકારીઓએ અંદરથી સાઈકલ, હાથી અને પંજાવાળા છે. જેઓ તક મળતાં જ ડંખ મારે છે. આ સાથે નિષાદ પાર્ટીના વડાએ કહ્યું કે લોકસભા ચૂંટણીમાં હારના ઘણા કારણો છે. તેમણે કહ્યું કે કાર્યકર્તા પાર્ટીની કરોડરજ્જુ છે. અનામતના પ્રશ્ન પર સંજય નિષાદે કહ્યું કે કેટલાક અધિકારીઓ છે જે તેને જટિલ બનાવે છે, પરંતુ અમે તેને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ અધિકારીઓએ અન્ય પછાત જાતિઓમાં નિષાદનો સમાવેશ કર્યો છે. નિષાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય નિષાદે કહ્યું કે અમે સાથી પક્ષ છીએ. પાર્ટનર એટલે કે આપણે નફા-નુકસાનમાં સાથે રહીએ. આજે જ્યારે બેઠકો ઘટી છે ત્યારે હારમાં પણ અમે ભાજપ સાથે જ રહીશું. તે સાચું છે કે હારના કારણો પર ચિંતન કરવું જોઈએ. હારના ઘણા કારણો છે.


જૌનપુરની બદલાપુર સીટથી ભાજપના ધારાસભ્ય રમેશ મિશ્રાએ એક વીડિયો જાહેર કર્યો છે. તેમણે પોતાની જ પાર્ટીની વર્તમાન સ્થિતિને ખરાબ ગણાવી છે. ભાજપના ધારાસભ્યના મતે વર્તમાન સરકારની હાલત ખૂબ જ ખરાબ છે. આ સ્થિતિને જોતા લાગે છે કે ૨૦૨૭માં ભાજપની સરકાર નહીં બને. ધારાસભ્ય મિશ્રાએ કહ્યું છે કે ૨૦૨૭ની ચૂંટણી જીતવા માટે પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વએ મોટો નિર્ણય લેવો પડશે અને ઉત્તર પ્રદેશની ચૂંટણી પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. ભાજપના કાર્યકરો અને નેતાઓએ ચૂંટણીમાં પૂરા દિલથી ધ્યાન આપવું પડશે જેથી કરીને ફરીથી ભાજપની સરકાર બની શકે. પ્રતાપગઢની પટ્ટી સીટના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી રાજેન્દ્ર પ્રતાપ સિંહ ઉર્ફે મોતી સિંહે ભ્રષ્ટાચારને લઈને પોતાની જ સરકાર પર જોરદાર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે અમારું આગામી લક્ષ્ય ૨૦૨૭ છે. વિધાનસભા ક્ષેત્રમાં મતદારોએ ભાજપની તરફેણમાં જબરજસ્ત મતદાન કર્યું હતું. તેમણે કહ્યું કે મતદારો અને ભાજપના કાર્યકર્તાઓનું ખરેખર સન્માન ત્યારે જ થશે જ્યારે પોલીસ સ્ટેશન અને તાલુકામાંથી ભ્રષ્ટાચાર નાબૂદ થશે. તેમણે કહ્યું કે મને એ કહેવામાં કોઈ સંકોચ નથી કે મેં મારા ૪૨ વર્ષના રાજકીય જીવનમાં ક્યારેય પોલીસ સ્ટેશનો અને તાલુકાઓમાં આવો ભ્રષ્ટાચાર જોયો નથી.

### ડોનાલ્ડ ટ્રમ્પ ફરી પાછા મેદાનમાં

## પટ્ટો બાંધીને પહોંચ્યા રિપબ્લિકન નેશનલ કન્વેશનમાં, તાળીઓથી કરાયું સ્વાગત

| યુએસએ, તા.૧૬ |

પેન્સિલ્વેનિયાની રેલીમાં હુમલા પછી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વખત સોમવારે કાન પર પટ્ટો બાંધીને રિપબ્લિકન નેશનલ કન્વેશન પહોંચ્યા છે. આ દરમિયાન લોકોએ તાળીઓથી તેમનું સ્વાગત કર્યું હતું. મિલ્વૈકીમાં જ્યારે ટ્રમ્પ પહોંચ્યા તો તેમના જમણા કાન પર પટ્ટો બાધેલો હતો. તેમના સ્વાગત માટે ગોડ બ્લેસ ધ યુએસએ ગીત પણ વાગી રહ્યું હતું. ૧૩ જુલાઈએ પેન્સિલ્વેનિયાની રેલી દરમિયાન ટ્રમ્પ પર ગોળી ચલાવવામાં આવી હતી. આ હુમલામાં ગોળી ટ્રમ્પના કાનને ચીરીને નીકળી ગઈ હતી.



આ હુમલાના ૪૮ કલાક પછી રિપબ્લિકન પાર્ટીએ તેમને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ચૂંટ્યા છે. આ દરમિયાન RNCમાં ટ્રમ્પના પહોંચતા જ સમર્થકોએ USA-USAના નારા લગાવ્યા હતા. સાથે જ ટ્રમ્પની જેમ હવામાં મુઠ્ઠી લહેરાવતા લોકો લડો-લડો કહેતા જોવા મળ્યા હતા. કન્વેશન સેન્ટરથી ટ્રમ્પના જવા દરમિયાન લોકોએ વી લવ ટ્રમ્પના નારા પણ લગાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ૫ નવેમ્બરે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી થવાની છે. આ કારણે હાલ અમેરિકામાં ઘણી રાજકીય હલચલ થઈ રહી છે. ચૂંટણી પહેલા ટ્રમ્પને રિપબ્લિકન ઉમેદવાર તરીકે ચૂંટવામાં આવ્યા છે. તેમણે જેડી વેન્સને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ ઉમેદવાર તરીકે ચૂંટ્યા છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે આ નિર્ણય લાંબા વિચાર-વિમર્શ પછી અને સમજી વિચારીને લીધો છે.

## ન્યૂઝ બ્રિફ

### સુપ્રીમ કોર્ટે CBI-EDને નોટિસ ફટકારી, ૨૯ જુલાઈએ હાથધરાશે વધુ સુનાવણી



| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ |

દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદીયાની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટેમાં મંગળવારે સુનાવણી થઈ હતી. દિલ્હી લીકર પોલીસી મામલામાં જેલમાં બંધ સિસોદિયાની અરજી પર સુપ્રીમ કોર્ટે સીબીઆઈ અને ઈડીને નોટીસ ફટકારી છે. મનીષ સિસોદિયાએ બંને તપાસ એજન્સીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં જામીન માંગ્યા છે. આ મામલામાં વધુ સુનાવણી હવે ૨૯ જુલાઈએ થશે. લીકર પોલીસી સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં ઈડીએ સિસોદિયા ઉપર કેસ નોંધાવ્યો છે. જ્યારે સીબીઆઈએ ભષ્ટ્રાચારના કેસમાં આપ નેતા પર કેસ નોંધાવ્યો છે. દિલ્હી લીકર પોલીસીને હવે રદ કરવામાં આવી છે.

### કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનનું નિવેદન

## બિહારમાં પુલોનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો


| (એજન્સી) બિહાર, તા.૧૬ |

ચોમાસાનો વરસાદ શરૂ થતાં જ બિહાર ચર્ચામાં આવી ગયું હતું. તેનું કારણ હતું ત્યાં નદીઓ પર બનેલા પુલોનું સતત ધરાશાયી થવું. ત્યાં ગત ૧૫ દિવસોમાં અલગ-અલગ નદીઓ પર બનેલા ડઝન પુલ પાણીમાં સમાઈ ગયા. આ પુલોના પાણીમાં છપાક થઈ ગયા બાદ હવે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પોતાના વિચાર મૂક્યા છે. જમુઈથી સાંસદ ચિરાગે કહ્યું કે આ મુદ્દે જવાબદારી નક્કી થવી જ જોઈએ. લોજપાના અધ્યક્ષ ચિરાગ પાસવાન ઘણા મુદ્દા પર ખુલીને વાત કરતાં નજર આવ્યા. બિહારમાં પુલ પડવા પર ચિરાગે કહ્યું, જે રીતે રાજ્યમાં પુલ પડી રહ્યાં છે. એક બાદ એક રીતે તેની જવાબદારી નક્કી થવી જ જોઈએ. તેમણે વધુમાં કહ્યું, ગુણવત્તા સાથે જો સમાધાન થયું છે તો તેનો અર્થ છે કે ક્યાંક ને ક્યાંક તો ભ્રષ્ટાચાર થયો છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં આ પુલોનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચી ગયો છે. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે એક અરજી દાખલ કરવામાં આવી છે.

## ઇન્ડિયન ક્રિકેટ ટીમના ચાર દિગ્ગજ ખેલાડીઓ વિવાદમાં

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ |

તાજેતરમાં સમાપન થયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લેજન્ડ્સ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાનને પછાડ્યા બાદ ચેમ્પિયન બનેલી દિગ્ગજ ખેલાડીઓની ટીમ ઈન્ડિયાના કેટલાક ખેલાડીઓ હવે નવા કારણોસર ચર્ચામાં આવી ગયા છે. જેમાં ખાસ કરીને યુવરાજ સિંહ, હરભજન સિંહ અને સુરેશ રૈના એક મોટા વિવાદમાં સંપડાઈ ગયા છે. સમગ્ર મામલાની વાત કરીએ તો ટુર્નામેન્ટ જીત્યાં બાદ તેની ઉજવણી કરવામાં આ ખેલાડીઓ કંઈક એવું કરી બેઠાં જેની જરૂર નહોતી. ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ખેલાડી હરભજન સિંહ શેર કરેલા વીડિયોમાં જોઈ શકાતું હતું કે હરભજન સિંહ, યુવરાજ



સિંહ અને સુરેશ રૈના તથા ગુરકીરત માન દિવ્યાંગ લોકોની મજાક બનાવી રહ્યા છે. તેમાં તાજેતરના એક લોકપ્રિય ગીત પર આ મજાક બનાવવાનો પ્રયાસ કરાયો હતો જેના લીધે તેઓ ટીકાકારોના નિશાને આવી ગયા છે. આ ચારેય વરિષ્ઠ ખેલાડીઓ સામે હવે પોલીસમાં એફઆઈઆર પણ નોંધાવવામાં આવી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે આ ચારેય ખેલાડીઓ જ્યાં જીતની ઉજવણી કરી રહ્યા હતા ત્યારે એક ગીત પર ડાન્સ કરવાની જગ્યાએ તેઓ લંગડાતા અને દિવ્યાંગની જેમ નકલ કરતાં કરતાં દેખાયા હતા. ત્યારે હરભજને આ વીડિયો સાથે કેપ્શનમાં લખ્યું હતું કે ૧૫ દિવસ સુધી લેજન્ડ્સ ક્રિકેટ રમ્યા બાદ મારું શરીર થાકી ગયું છે.

આ વીડિયોને કારણે દિવ્યાંગોને ભારે ઝટકો લાગ્યો હતો અને સોશિયલ મીડિયા પર કોમેન્ટ્સનું પૂર આવી ગયું હતું. ભારતની પ્રખ્યાત પેરા એથ્લેટ માનસી જોશીએ આ ખેલાડીઓને ફટકાર લગાવતા કહ્યું કે પોલિયોથી પીડિત વિકલાંગ લોકોની આ રીતે મજાક ઉડાવવી એ સારી વાત નથી. આ સિવાય ભારતીય પેરાલિમ્પિક સંઘે પણ આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

**મંત્રી મનીષ ગોબિને સ્વાગત કર્યું** | **ઉષ્માભર્યું સ્વાગત કરવા બદલ વિદેશ મંત્રી મનીષ ગોબિનનો આભાર**

## વિદેશ મંત્રી એસ જયશંકર બે દિવસની મુલાકાતે મોરેશિયસ પહોંચ્યા

| (એજન્સી) નવીદિલ્હી, તા.૧૬ |

વિદેશ મંત્રી એસ જયશંકર ભારત અને મોરેશિયસ વચ્ચેના વિશેષ સંબંધોને આગળ વધારવા માટે "અર્થપૂર્ણ વાટાઘાટો" કરવા બે દિવસીય મુલાકાતે મંગળવારે અહીં પહોંચ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારના ત્રીજા કાર્યકાળમાં વિદેશ પ્રધાન તરીકે પુનઃનિયુક્ત થયા પછી, જયશંકર હિંદ મહાસાગરના ટાપુ રાષ્ટ્રની તેમની મુલાકાત દરમિયાન પ્રથમ દ્વિપક્ષીય બેઠક કરશે. આ મુલાકાત



ભારત-મોરેશિયસ સંબંધોના મહત્વને રેખાંકિત કરે છે અને 'નેબરહુડ ફર્સ્ટ પોલિસી', 'વિઝન સાગર' અને 'ગ્લોબલ સાઉથ' (ઓછામાં ઓછા વિકસિત દેશો) માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. મોરેશિયસના વિદેશ, પ્રાદેશિક એકીકરણ અને આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનીષ ગોબિને એરપોર્ટ પર જયશંકરનું સ્વાગત કર્યું. તસવીરો શેર કરતી વખતે જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું, "હેલો મોરિશિયસ. ઉષ્માભર્યું સ્વાગત કરવા બદલ વિદેશ મંત્રી મનીષ ગોબિનનો આભાર." તેમણે કહ્યું, "આ ખાસ સંબંધને આગળ વધારવા અર્થપૂર્ણ વાટાઘાટોની આશા છે." તે જ સમયે ગોબિને 'ઠ' પર એક પોસ્ટમાં કહ્યું કે જયશંકરની મુલાકાત બંને દેશો વચ્ચેની "મજબૂત અને કાયમી" ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું, "મૉરિશિયસમાં જયશંકરનું સ્વાગત કરતાં મને આનંદ થાય છે. તેમની મુલાકાત આપણા દેશો વચ્ચેની મજબૂત અને કાયમી ભાગીદારીને દર્શાવે છે. સાથે મળીને અમે અમારા સંબંધોને મજબૂત કરવાનું ચાલુ રાખીશું અને સહકારના નવા રસ્તાઓ શોધીશું." મુલાકાત દરમિયાન, જયશંકર મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ જગનાથને મળશે અને અન્ય વરિષ્ઠ પ્રધાનો સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે.

### જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓનો આતંક હજી યથાવત

## જમ્મુ-કાશ્મીરમાં જવાનો અને આતંકીઓ વચ્ચે અથડામણ

| જમ્મુ-કાશ્મીર, તા.૧૬ |

જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓનો આતંક હજી યથાવત છે. અહીં આતંકવાદીઓ સાથે થયેલી અથડામણમાં ચાર જવાનોના મોત થયા છે. મૃતકોમાં એક આર્મી અધિકારી અને એક પોલીસ કર્મચારી પણ શહિદ થયા છે. જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં આ એક્રાઉન્ટર થયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ આતંકવાદીઓ મોટા પાયે હથિયારો લઈને આવ્યા હતા. કાશ્મીરી ટાઈગર્સે આ હુમલાની જવાબદારી લીધી છે. કાશ્મીરી ટાઈગર્સ પાકિસ્તાનના આતંકવાદી ગ્રુપ જૈશે-એ-મોહમ્મદની ભગીની સંસ્થા છે. સોમવારે સાંજે રાષ્ટ્રીય રાઈફલ્સ એન્ડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ડોડા ગામથી ૫૫ કિલોમીટર દૂર ધારી ગોટે ઉરબંગી જે દેશા જંગલ વિસ્તારમાં આવેલું છે.








અતિ ભારે વરસાદથી નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં મોવીથી ડેડીયાપાડાને જોડતો યાલ નજીકનો પુલ તુટી ગયેલ હોવાથી આજરોજ તેનું નિરીક્ષણ કર્યુ.

## ઝડપથી બનાવેલો આઈકોનિક રોડ સૌથી પહેલા ધોવાઈ ગયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતમાં આજે અનેક જિલ્લામાં ધોધમાર વરસાદે સૌને દોડતા કરી દીધા છે, ત્યારે અમદાવાદમાં પણ મેઘરાજા સાંબેલાધાર ત્રાટકતા ચોતરફ પાણી-પાણી થઈ છે. આજના વરસાદની સૌથી મોટી વાત એ છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સૌથી ઝડપી ગતિએ ૪૦ દિવસમાં બનાવાયેલો એરપોર્ટથી ઈન્દિરા બ્રિજ સુધીનો આઈકોનિક રોડ નદીમાં ફેરવાઈ ગયો છે. વાઈબ્રન્ટ સમિટ અગાઉ સ્ઝ દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપના આધારે આશરે રૂ. ૫૫ કરોડના ખર્ચે ઈન્દિરાબ્રિજ સર્કલથી તાજ સર્કલ સુધી માત્ર ૪૦ દિવસમાં ૧.૭ કિલોમીટરનો આઈકોનિક રોડ બનાવાયો હતો. દરમિયાન આજે શહેરભરમાં ભારે વરસાદ પડવાના કારણે ઠેકઠેકાણે વિકાસ ખાડે ગયો હોય તેવી સ્થિતિ સામે આવી છે. શહેરમાં આજે સવારે એકએક વાતાવરણમાં પલટો આવ્યા બાદ એકાએક ભારે વરસાદ પડ્યો હતો, જેમાં માત્ર એક ઈંચ વરસાદમાં શહેરા અનેક વિસ્તારો નદીમાં ફેરવાઈ ગયા છે. શહેરના અમદુપુરા, બાપુનગર, દરિયાપુર સહિતના વિસ્તારોમાં પાણી ભારાતા વાહનચાલકો સહિત આસપાસના રહિશો પણ મુશ્કેલીમાં મુકાયા હતા. ગુજરાતની ઉપર સક્રિય થયેલી વરસાદની સિસ્ટમને પગલે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે સોમવારે બપોર બાદ અમદાવાદના વિવિધ વિસ્તારમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. બપોર બાદ ગાજવીજ સાથે શરુ થયેલા વરસાદને કારણે લોકો પરેશાન થયા હતા. ખાસ કરીને શાળાએથી છૂટવાનો સમય હોવાથી વિદ્યાર્થીઓ હેરાન થયા હતા. પૂર્વ અમદાવાદના ઉત્તર ઝોનમાં વરસાદનું જોર વધુ હોવાને પગલે અંડર પાસવાળા એરિયામાં પાણી ભરાઈ ગયા હતા. જેને કારણે રસ્તાઓને બંધ કરી દેવામાં આવ્યા હતા. એકસાથે ત્રણ ત્રણ સિસ્ટમ સક્રિય થતા હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવેલી છે.

### ગુજરાતનો દરિયાકિનારો ભયજનક દરે અદ્રશ્ય થઈ રહ્યો છે

# ૪૦ વર્ષમાં ગુજરાતનો ૭૦૩.૬ કિમીનો દરિયાકિનારો નાશ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

૪૦ વર્ષના અભ્યાસમાં બહાર આવ્યું છે કે ગુજરાતનો દરિયાકિનારો ભયજનક દરે અદ્રશ્ય થઈ રહ્યો છે. ખંભાતના અખાતથી કચ્છના અખાત સુધી, સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે, એક સમયના સ્થિર કિનારાઓ હવે ઝડપથી ક્ષીણ થઈ રહ્યા છે. ૧૬ દરિયાકાંઠાના જિલ્લાઓમાંથી, ૧૦ નોંધપાત્ર ધોવાણ સાથે ઝઝૂમી રહ્યા છે, જે રાજ્યના દરિયાકાંઠાના લગભગ ૪૫.૮%ને અસર કરે છે. આ ચિંતાજનક ઘટના લગભગ ૫૪૯ ગામોને અસર કરી રહી છે, જેમાં એક મિલિયનથી વધુ લોકો વસે છે. ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવાયું છે કે, “૨૦૨૧ માં, માહી નદીના વિસ્તારની નજીકના ખંભાત દરિયાકિનારાએ ૪૦ વર્ષોમાં ૧૧૩.૯હ્ન થી ૮૩૧.૪હ્ન સુધીના કિનારાના ફેરફારોમાં નાટ્યાત્મક વધારો નોંધ્યો હતો, જેમાં વાર્ષિક ૩૯.૭૬હ્ન ના દરે ફેરફાર થયો હતો.” એપ્લિકેશન અને જીઓઈન્ફોર્મેટિક્સ ગુજરાતનો દરિયાકિનારો ૧,૬૧૭ કિમીમાં ફેલાયેલો છે, જે ૧૩ દરિયાકાંઠાના જિલ્લાઓ અને ૩૫ તાલુકાઓને સ્પર્શે છે, જે તેને દેશનો સૌથી લાંબો બનાવે છે. કચ્છ જિલ્લામાં સૌથી વધુ ધોવાણ થયું છે, ત્યારબાદ જામનગર, ભરૂચ અને વલસાડનો ક્રમ આવે છે. ૧,૬૦૦ કિ.મી.ના દરિયાકિનારામાંથી ૭૦૩.૬ કિ.મી.નું ધોવાણ થઈ રહ્યું છે. “દક્ષિણ ગુજરાતમાં, અંદાજે ૮૩.૦૬%



દરિયાકાંઠો ધોવાઈ રહ્યો છે, ૧૦.૧૫% સ્થિર છે અને ૬.૭૮% જમીન મેળવી રહ્યો છે; ક્ષીણ થતા દરિયાકાંઠાની લંબાઈ સ્થિર અને વધતા દરિયાકાંઠા કરતા વધારે છે. આ ધોવાણ સુરત જિલ્લાના દાંડીથી વલસાડ જિલ્લાના ઉમરગામ સુધી ફેલાયેલું છે,” BISAG-N ના સંશોધકો કૃણાલ પટેલ, રાજમલ જૈન, માણિક કાલુબર્મે અને તુષારકુમાર ભટ્ટ દ્વારા અભ્યાસમાં જણાવાયું છે. તેમના અભ્યાસમાં ૧૯૭૮-૨૦૨૦ના સેટેલાઈટ ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જે દર્શાવે છે કે કચ્છ અને જામનગરમાં સૌથી વધુ ધોવાણ થયું હતું, જેમાં અનુક્રમે 130m અને 64mથી વધુનું ધોવાણ થયું હતું.BISAG અભ્યાસે દરિયાકાંઠાના પરિવર્તન દરના આધારે ધોવાણને વર્ગીકૃત કર્યુંઃ ૩૦૦હ્ન કરતાં ઓછા માટે નીચું, ૧૦૦-૫૦૦હ્ન માટે મધ્યમ અને ૧હ્ન કરતાં વધુ માટે ઊંચું. સંશોધનમાં ગુજરાતના દરિયાકાંઠે વધતા દરિયાઈ સપાટીના તાપમાન (SST)ને ધોવાણને વેગ આપવાના મુખ્ય પરિબળ તરીકે દર્શાવવામાં આવ્યું છે. ૧૮૬૦-૨૦૨૦ ના ડેટાએ કચ્છના અખાત, ખંભાતના અખાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ધીમે ધીમે SST વધારો દર્શાવ્યો હતો, જેમાં ખંભાતના અખાતમાં સૌથી વધુ 1.5 °C નો વધારો જોવા મળ્યો હતો, ત્યારબાદ સૌરાષ્ટ્રનો કાંઠો અને તે પછી કચ્છનો ખાતે “જામનગર જિલ્લામાં સૌથી વધુ ધોવાણ થયું હતું, જે ૧૯૭૮-૧૯૯૮ની સરખામણીમાં ૧૯૯૮-૨૦૨૦ દરમિયાન લગભગ ૨.૫ ગણું વધુ હતું,” અભ્યાસમાં જોવા મળ્યું હતું. “સુરત ૧.૨૪ ગણા અને વલસાડ ૧.૧૭ ગણા સાથે બીજા ક્રમે છે.”

### ટૂંક સમયમાં ડ્રોન પાયલોટની તાલીમ શરૂ થશે

## ખેડૂતો અને તેમના બાળકોને ડ્રોન ચલાવવાની તાલીમ અપાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાત વિધાનસભાના કાયદા દ્વારા સ્થપાયેલી કૌશલ્યા સ્કીલ યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં તેની ડ્રોન મંત્ર લેબમાં ૧૦૦ ડ્રોનનું ઉત્પાદન કર્યું છે. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ, જે સોમવાર, ૧૫ જુલાઈના રોજ મનાવવામાં આવે છે.ગુજરાત વિધાનસભાના કાયદા દ્વારા સ્થપાયેલી કૌશલ્યા સ્કિલ યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં તેની ડ્રોન મંત્ર લેબમાં ૧૦૦ ડ્રોનનું ઉત્પાદન કર્યું છે. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ, જે સોમવાર, ૧૫ જુલાઈના રોજ મનાવવામાં આવે છે, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે તેનો ઉપયોગ ખેડૂતો અને તેમના બાળકોને ૧,૨૦૦ રૂપિયાની નજીવી ફીમાં ડ્રોન ચલાવવાની તાલીમ આપવા માટે કરવામાં આવશે. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે ગુજરાતની ૧૯ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટૂંક સમયમાં ડ્રોન પાયલોટની તાલીમ શરૂ થશે. હાલમાં, કૌશલ્યા કૌશલ્ય યુનિવર્સિટી દ્વારા કલોલમાં રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (RPTO) કાર્યરત છે. પાઈલોટ તાલીમ માટેની ભાવિ માંગને પહોંચી વળવા શિલાજ કેમ્પ સમાં એક નવા RTPOને મંજૂરી આપવામાં આવી છે. “વધુમાં, ૧૯ વધુ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ શરૂ કરવાની યોજનાઓ ચાલી રહી છે. ૫૦,૦૦૦ થી ૬૦,૦૦૦ ની સામાન્ય ખાનગી ક્ષેત્રની કિંમતની સરખામણીમાં ખેડૂતો અને તેમના બાળકોને આ નવા સ્થાનો પર ૧૨૦૦ રૂપિયાની નજીવી ફીમાં ડ્રોન પાયલોટની તાલીમ મળશે,” નિવેદનમાં જણાવાયું છે. અહીં ડ્રોન આધારિત રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના છંટકાવની ખેતીમાં માંગ વધી રહી છે. પરંપરાગત પંપ આધારિત પદ્ધતિઓ ખેડૂતોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરે છે, જ્યારે ડ્રોનનો ઉપયોગ કરીને છંટકાવ કરવાથી ખાતરો અને રસાયણોની બચત થાય છે.

### નર્મદા જિલ્લામાં બારેય મેઘ ખાંગા

# મુશળાધાર વરસાદથી નર્મદા ગમે ત્યારે રૌદ્ર રૂપ બતાવશો

### ભરૂચ નર્મદાની જીવાદોરી ગણાતા કરજણ ડેમમાં સીઝનમાં પહેલી વાર ડેમમાં પાણીની આવક થતા ડેમના ત્રણ ગેટ ખોલવામાં આવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

મૂશળધાર વરસાદને પગલે નર્મદાના નાંદોદનું લાછરસ ગામ પાણીમાં ગરકાવ થયું હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. સતત વરસાદથી લાછરસ ગામમાં કમર સુધીના પાણી ભરાઈ ગયા છે. ગામમાં આવવા જવાનો રસ્તો બંધ થતા સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણીના દ્રશ્યો સામે આવ્યા છે. ગામમાંથી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી સ્થાનિકોને ભારે હાલાકી પડી રહી છે. ગામમાં પાણી ભરાવાના કારણે ગાડીઓ પણ વરસાદી પાણીમાં ડૂબી ગઈ છે. નર્મદાનાં કરજણ ડેમના ૩ ગેટ ૨.૮૦ મીટર ખોલાયા છે. કરજણ ડેમમાંથી ૩૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. દર કલાકે ડેમની સપાટી ૧૦૫.૭૨ મીટર પહોંચે છે. નદી કાંઠા વિસ્તારના ૯ ગામોને સાવચેતીના ભાગ રૂપે એલર્ટ કરાયા છે. તો તંત્ર સેન્ડબાય કરાયું છે. ndrf અને sdrf ની ટીમ પણ નર્મદા સેન્ડબાય કરવામાં આવ્યું છે. નર્મદાના કરજણ ડેમમાં નવા નીરની આવક થઈ છે. ભરૂચ નર્મદાની જીવાદોરી ગણાતા કરજણ ડેમમાં સીઝનમાં પહેલી વાર ડેમમાં પાણીની આવક થતા ડેમના ત્રણ ગેટ ખોલવામાં



આવ્યા છે ઉપરવાસમાં ડેડીયાપાડા અને સાગબારા માં ૬ ઈંચજેટલો ભારે વરસાદ પડતાં કરજણ ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. ડેમનું લેવલ સરકાર ધ્વારા નિયત કરેલ રૂલ લેવલ જાળવવાનું હોય છે. આજે સવારે ૧૧:૫ કલાકે ડેમની સપાટી ૧૦૫.૭૨ મીટર પહોંચી હતી . જળાશયનું રૂલ લેવલ તા. ૧/૮/૨૪ના રોજ ૧૦૭.૫૫ મીટર જાળવવા માટે ૧૨ કલાકે ડેમના ઉદરવાજા ૨.૮૦.મીટર ખોલવામાં આવ્યાં હતા.કરજણ ડેમમાંથી ૩૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને કારણે કરજણ નદી બે કાંઠે વહી રહી છે. ૩૦ હજાર ક્યુસેક પાણી છોડાતા કરજણ નદી કાંઠા વિસ્તારના ૯ ગામોને સાવચેતીના ભાગ રૂપે એલર્ટ કરાયા છે.

## પાલિતાણામાં નોન-વેજ પર સંપૂર્ણ પ્રતિબંધ કરાયો

। (એજન્સી) ભાવનગર, તા.૧૬ ।

ગુજરાતના ભાવનગર જિલ્લામાં આવેલા પાલિતાણા શહેરમાં ઈતિહાસ રચાયો છે. જૈનોની પવિત્ર ભૂમિ એવું પાલિતાણા વિશ્વનું પહેલું શહેર બન્યું છે જ્યાં માંસાહારી ખોરાકના વેચાણ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેના પગલે જૈનસમુદાયમાં આનંદની લાગણી ફેલાઈ છે. નોંધનીય છે કે, પાલિતાણામાં માંસાહારના વપરાશ-વેચાણ સામે જૈન સાધુઓ દ્વારા સતત વિરોધ કરવામાં આવતો હતો. વર્ષ ૨૦૧૪માં લગભગ ૨૦૦ જૈન સાધુઓએ શહેરમાં લગભગ ૨૫૦ કસાઈની દુકાનો બંધ કરવાની માંગ સાથે ભૂખ હડતાળ કરી હતી.મળતી માહિતી મુજબ, રાજ્ય સરકારે જૈન સમુદાયની લાગણીને માન આપીને આ પ્રતિબંધ લાગુ કર્યો છે. હવે પાલીતાણામાં માત્ર માંસ અને ઈંડાનું વેચાણ જ બંધ નથી પરંતુ પશુઓની કતલ પર પણ પ્રતિબંધ છે. આ નિયમનો ભંગ કરનાર માટે સજાની જોગવાઈ છે. પાલીતાણા નગર મુખ્યત્વે જૈન તીર્થધામ તરીકે જાણીતું છે અને આ નિર્ણય તેની પવિત્રતા જાળવવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત, શહેરમાં હવે ઘણી શાકાહારી રેસ્ટોરન્ટ્સ ખુલી છે, જે સ્વાદિષ્ટ અને વિવિધ પ્રકારના શાકાહારી ખોરાક પીરસે છે.

**વિશેષ** અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈનના હસ્તે વિરાટનગર વોર્ડમાં નિર્માણ પામનાર સબઝોનલ ઓફિસનું કરાયું ખાતમુહૂર્ત

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વઝોનના વિરાટનગર વોર્ડમાં નવીન તૈયાર કરવામાં આવનાર સબઝોનલ ઓફિસનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

। (માહિતી) અમદાવાદ ।

આજરોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વઝોનના વિરાટનગર વોર્ડમાં નવીન તૈયાર કરવામાં આવનાર સબઝોનલ ઓફિસનું ખાતમુહૂર્ત અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈનના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઓફિસ વિરાટનગર વોર્ડના ટીપી સ્કીમ નંબર ૪૯ (પૂર્વ રખિયાલ) એફપી નંબર - ૪માં તૈયાર કરવામાં આવશે. આ સબઝોનલ ઓફિસ ૧૪૦૧.૯૮ સ્ક્વેર મીટરના વિસ્તારમાં કુલ ૬ કરોડ ૭૬ લાખ ખર્ચે નિર્માણ પામશે.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્માણ પામનાર વિરાટનગર વોર્ડની નવીન સબઝોનલ ઓફિસમાં વિવિધ વિભાગો જેવાકે સિવિક સેન્ટર વિભાગ, ઈજનેર વિભાગ અને ટેક્સ વિભાગનું નિર્માણ કરવામાં આવશે જેથી વિસ્તારમાં રહેતા નાગરિકોને તેનો સીધો લાભ મળી રહેશે તેમજ આ વોર્ડ નિર્માણનું કાર્ય સત્વરે પૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ કાર્યક્રમમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, મ્યુનિસિપલ શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.









નવી દિલ્હીમાં આસામના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા અને મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે સંગમાએ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી.

### સર્વર હેક કરી અલગ- અલગ ૮૯ ખાતાઓમાં રકમ મોકલી

# નોઈડાની નૈનિતા બેંકનું સર્વર હેક કરી ૧૬.૫૦ કરોડ રૂપિયાની કરી ચોરી

### ૧૬.૫૦ કરોડ રૂપિયા કથિત રીતે સાયબર લૂંટ દ્વારા અજાણ્યા છેતરપિંડી કરનારાઓના વિવિધ ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા છે

**। (એજન્સી) નોઈડા, તા.૧૬ ।**

યુપીના નોઈડામાં આવેલી નૈનીતાલ બેંકની શાખામાંથી એક મોટો સાયબર ક્રાઈમ કેસ પ્રકાશમાં આવ્યો છે. સાયબર ઠગોએ અહીંથી ૧૬.૫૦ કરોડ રૂપિયાની લૂંટ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૬.૫૦ કરોડ રૂપિયા કથિત રીતે સાયબર લૂંટ દ્વારા અજાણ્યા છેતરપિંડી કરનારાઓના વિવિધ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (સાયબર ક્રાઈમ) વિવેક રંજન રાયે જણાવ્યું કે પોલીસે જૂનમાં પાંચ દિવસના સમયગાળામાં બનેલા ગુનાની તપાસ શરૂ કરી દીધી છે. રાયે કહ્યું, 'સેક્ટર ૬૨ સ્થિત નૈનીતાલ બેંક શાખાનાં મેનેજરે અહીંના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે કેટલાક અજાણ્યા લોકોએ ૧૬ અને ૨૦ જૂનની વચ્ચે બેંકના સર્વરને હેક કર્યું હતું.' અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘આ ગુનાના ગુનેગારોએ બેંક




મેનેજરના લોગિન આઈડી અને પાસવર્ડ પર નિયંત્રણ મેળવવા માટે હેક કરેલા સર્વરનો ઉપયોગ કર્યો હતો.’’ આમ કરીને બેંકમાંથી વિવિધ ખાતાઓમાં ૧૬.૫૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે આ મામલે અત્યાર સુધી કરવામાં આવેલી તપાસમાં પ્રકાશમાં આવ્યું છે કે આ રકમ અલગ-અલગ ૮૯ ખાતાઓમાં મોકલવામાં આવી છે. તેમણે કહ્યું કે આ મામલાની તપાસ માટે એક વિશેષ ટીમની રચના કરવામાં આવી છે.


# વાશિમમાં તાલીમાર્થી IASના ઘરે પહોંચી મહિલા પોલીસની ટીમ

### પોલીસની ટીમ પૂજાના પિતા દિલીપ ખેડકર અને માતા મનોરમા ખેડકરની શોધમાં સતત દરોડા પાડી રહી છે

**। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।**

મહારાષ્ટ્ર કેડરની તાલીમાર્થી IAS પૂજા ખેડકરની મુશ્કેલીઓ વધી ગઈ છે. સોમવારે મોડી સાંજે પોલીસની ટીમો વાશિમમાં પૂજાના ઘરે પહોંચી અને તેની પૂછપરછ કરી. વાશીમની મહિલા પોલીસની ટીમ પૂજાના ઘરે ગઈ હતી. પૂજાએ વાશિમના કલેક્ટર બુવનેશ્વરી એસ પાસેથી પરવાનગી લીધી હતી અને કેટલીક માહિતી શેર કરવા માટે પોલીસને ફોન કર્યો હતો. પોલીસની ટીમ પૂજાના પિતા દિલીપ ખેડકર અને માતા મનોરમા ખેડકરની શોધમાં સતત દરોડા પાડી રહી છે.

જમીનના કબજાને લઈને થયેલા વિવાદ અને ફાયરિંગની ઘટના બાદ પોલીસે બંને વિરુદ્ધ FIR નોંધી છે.અહીં પૂજા ખેડકરની નોકરી પણ મુશ્કેલીમાં છે. જે સરકારી હોસ્પિટલમાંથી પૂજાનું દૃષ્ટિહીન અને માનસિક રીતે બીમાર હોવાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું તેનો રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે. આ રિપોર્ટ કેન્દ્રીય તપાસ સમિતિને સોંપવામાં આવશે. ત્યાર બાદ કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહીને કારણે પૂજા



ખેડકરની IAS નોકરી પણ જોખમમાં છે. ૩ મહિલા પોલીસકર્મીઓની ટીમ વાશિમમાં તાલીમાર્થી IAS પૂજા ખેડકરના ઘરે ગઈ હતી. તેમાંથી એક એસીપી પણ હતો, જે ટીમનું નેતૃત્વ કરી રહ્યો હતો.

વાશિમ પોલીસ સોમવારે રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે પૂજા ખેડકરના ઘરે પહોંચી હતી અને ૧ વાગ્યે બહાર આવી હતી. જ્યારે પોલીસને કારણ પૂછવામાં આવ્યું તો કહેવામાં આવ્યું કે તેઓ સત્તાવાર હેતુ માટે આવ્યા હતા.આ પહેલા, જ્યારે પૂજા ખેડકર સોમવારે ઓફિસમાંથી બહાર આવી ત્યારે તેણે મીડિયા સાથે વાત કરી અને કહ્યું કે તે સમિતિની સામે તેના પર લાગેલા તમામ આરોપોનો જવાબ આપશે. પૂજાએ કહ્યું કે, મારે જે કહેવું હશે તે હું કમિટીની સામે કહીશ અને કમિટી જે પણ નિર્ણય લેશે તે મને માન્ય રહેશે. જે ચાલી રહ્યું છે તે મીડિયા ટ્રાયલ છે.

લોકો જોઈ રહ્યા છે, સત્ય જે પણ છે તે બહાર આવશે. ભારતીય બંધારણ મુજબ, આરોપો સાબિત ન થાય ત્યાં સુધી વ્યક્તિને દોષિત કહી શકાય નહીં. પોલીસે જણાવ્યું કે IAS પૂજા ખેડકરના માતા અને પિતા ગુમ છે. તેના ઘરને તાળું લાગેલું છે. પોલીસની ટીમે ત્યાં દરોડો પાડ્યો હતો. તેમના ફોન પણ બંધ થઈ રહ્યા છે. પુણે ગ્રામીણ પોલીસ અધિક્ષક પંકજ દેશમુખના જણાવ્યા અનુસાર, અમે તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ અને પોલીસ સ્ટેશનના અધિકારીઓ સાથેની કેટલીક ટીમો પુણે અને તેની આસપાસ તેમને શોધી રહી છે. આરોપીઓને શોધીને પૂછપરછ કરવામાં આવશે.પુણે ગ્રામીણ પોલીસે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ત્રણ ટીમો બનાવી છે. તેમની મદદથી ખેડકર પરિવારની શોધ કરવામાં આવી રહી છે. તેનો ફોન સ્વીચ ઓફ હોવાથી તેની સાથે કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો.

## ન્યૂઝ બ્રિફ

### RSS માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને રાહત મળી



**। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૬ ।**

રાષ્ટ્રીય સ્વયંસેવ સંઘ વિશે વાંધાજનક ટિપ્પણી કરવાના કેસમાં બોમ્બે હાઈકોર્ટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને રાહત આપી છે. કોર્ટે કહ્યું કે, રાહુલ ગાંધીને વર્ષ ૨૦૧૪ની બદનક્ષીની ફરિયાદમાં કરાયેલા આક્ષેપના આધારે ઝડપી નિર્ણય લેવાનો કાયદેસરનો અધિકાર છે. આ ઉપરાંત કોર્ટે બિનજરૂરી રીતે કેસને લંબાવવા મુદ્દે તેમજ કોંગ્રેસ નેતાની ઝડપી સુનાવણી માંગમાં અડચણ ઉભી કરવા મામલે આરએસએસના કાર્યકર્તાની ઝાટકણી કાઢી છે. ન્યાયાધીશ પૃથ્વીરાજ ચવ્હાણની એકલ પીઠે ૧૨ જુલાઈના આદેશમાં કહ્યું કે, બંધારણની કલમ ૨૧ મુજબ તમામને ઝડપી સુનાવણીનો અધિકાર છે અને સ્વતંત્ર તેમજ નિષ્પક્ષ સુનાવણી એવી બાબત છે, જે ખૂબ જ જરૂરી છે. હાઈકોર્ટે રાહુલ ગાંધીની અરજી સ્વિકારી ૨૦૧૪થી ચાલી રહેલા આ કેસમાં ૨૦૨૩માં એક ન્યાયાધીશે આરએસએસના કાર્યકર્તાને નવા અને વધારાના દસ્તાવેજ રજુ કરવાની મંજૂરી આપી હતી તેમજ કોર્ટે કુંટેને રાહુલના ભાષણની નકલ પર વિશ્વાસ વ્યક્ત કરવાની મંજૂરી આપી હતી. જોકે રાહુલ ગાંધીએ તેનો વાંધો ઉઠાવી બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી ન્યાયાધીશના આદેશને રદ કરવાની માંગ કરી હતી, જેને બોમ્બે હાઈકોર્ટે સ્વિકારી લીધી છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪માં આરએસએસના કાર્યકર્તા રાજેશ કુંટેએ ભિવંડીની મેજિસ્ટ્રેટ કોર્ટમાં માનહાનિની ફરિયાદ નોંધાવી દાવો કર્યો છે

### લગ્નના દિવસે ચોરીના આરોપમાં ધરપકડ કરાયેલા આરોપીનુ પોલીસ કસ્ટડીમાં મૃત્યુ



**। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૧૬ ।**

મધ્યપ્રદેશના ગુનામાં લગ્નના દિવસે ચોરીના આરોપમાં ધરપકડ કરાયેલા આરોપીના પોલીસ કસ્ટડીમાં મૃત્યુને લઈને પરિવારનો ગુસ્સો અટકી રહ્યો નથી. મૃતકના પરિવારની મહિલાઓએ ન્યાયની માંગણી સાથે મંગળવારે કલેક્ટર કચેરી પરિસરમાં હોબાળો મચાવ્યો હતો. રોષે ભરાયેલી મહિલાઓએ કચેરીમાં અધિકારીઓની સામે તેમના કપડાં પણ ઉતારી દીધા હતા. કોઈક રીતે તેઓને સમજાવવામાં આવ્યા અને પાછા મોકલવામાં આવ્યા છે. કલેક્ટર ડો. સતેન્દ્રસિંહે તેમને યોગ્ય તપાસ અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. ગુના જિલ્લાની ઝાંગર ચોકી પોલીસે રવિવારે દેવા પારડી અને તેના કાકા ગંગારામ પારડીની ધરપકડ કરી હતી. તે જ દિવસે દેવાની જાન ગુના શહેરના ગોકુલ સિંહ ચક્કા જવાની હતી. પરિવારને રાત્રે દેવાના મૃત્યુની માહિતી મળી હતી. મહિલાઓને મીની ટ્રકમાં ભરીને જિલ્લા હોસ્પિટલ પહોંચી હતી. દેવાની કન્યાએ પોતાની જાત પર પેટ્રોલ છાંટીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

## વિવાદોમાં ઘેરાયેલી IAS પૂજા ખેડકર સામે કાર્યવાહી



**। (એજન્સી) મહારાષ્ટ્ર,તા.૧૬ ।**

વિવાદો વચ્ચે મહારાષ્ટ્ર સરકારે IAS ઓફિસર પૂજા ખેડકર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. સરકારના આદેશ બાદ પૂજા ખેડકરને ટ્રેનિંગ પ્રોગ્રામ કેન્સલ કરીને પરત બોલાવવામાં આવી છે. હવે પૂજાને ૨૩મી જુલાઈ સુધીમાં મસૂરી ટ્રેનિંગ એકેડમીમાં જોડાવા માટે કહેવામાં આવ્યું છે. આ સાથે પૂજાએ ૨૩ જુલાઈ પહેલા ફરી મસૂરીની એકેડમીમાં હાજર થવું પડશે. લાલ બહાદુર ક્લાસિકલ એડમિનિસ્ટ્રેટિવ એકેડમી દ્વારા આપવામાં આવેલા નિર્દેશો અનુસાર મહારાષ્ટ્ર સરકાર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર સરકારે પૂજાની ટ્રેનિંગ પર પ્રતિબંધ મૂક્યો છે. મહારાષ્ટ્ર સરકારના એડિશનલ ચીફ સેક્રેટરીએ ટ્રેઈની IAS પૂજા ખેડકરને વાશિમ જિલ્લામાંથી પાછા ફરવા માટે પત્ર લખ્યો છે. તેને દૂર કરવામાં આવી રહી છે અને આગળના આદેશો સુધી આગળની કાર્યવાહી માટ LBSNAA, મસૂરી ટ્રેનિંગ એકેડમીને મોકલવામાં આવી રહી છે અને કહેવામાં આવી છે કોઈપણ સંજોગોમાં ૨૩મી જુલાઈ સુધીમાં LBSNAAને જાણ કરવી પડશે. ૨૦૨૩ બેચની પૂજા ખેડકર પર પુણેમાં પ્રોબેશનરી IAS ઓફિસર તરીકે કામ કરતી વખતે પદનો દુરુપયોગ કરવાનો આરોપ છે. પૂજાએ અનેક સુવિધાઓની માંગણી કરી હતી. વાસ્તવમાં, આ સુવિધાઓ તાલીમાર્થી અધિકારીઓ માટે ઉપલબ્ધ નથી, તેમ છતાં પૂજાએ લાલ-વાદળી લાઈટ અને VIP નંબર પ્લેટવાળી તેની અંગત ઓડી કારનો ઉપયોગ કર્યો હતો. તેમના વાહન પર ‘મહારાષ્ટ્ર સરકાર’નું સાઈનબોર્ડ લગાવી સત્તાવાર કાર, રહેઠાણ, ઓફિસ રૂમ અને વધારાના સ્ટાફની માંગણી કરી હતી. એટલું જ નહીં, તેમની ગેરહાજરીમાં સિનિયર ઓફિસરની ચેમ્બર પણ કબજે કરી લીધી હતી. આ તમામ મામલા બાદ પુણેના કલેક્ટર સુહાસ દિવસેએ મુખ્ય સચિવને પત્ર લખીને પૂજા ખેડકરની ફરિયાદ કરી હતી. જે બાદ પૂજાની વાશિમ જિલ્લામાં બદલી કરવામાં આવી હતી.

### દેશમાં મોનસુન મોડેથી સક્રિય થયું

# મહારાષ્ટ્ર, ગુજરાત અને કેરળ સહિત અનેક રાજ્યોમાં વરસાદની આગાહી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

દેશમાં મોનસુન મોડેથી સક્રિય થયું છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને કેરળ સહિત કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જો કે, યુપી, બિહાર, હરિયાણા સહિતના કેટલાક રાજ્યોમાં વરસાદે દસ્તક આપી છે. પરંતુ વરસાદ તેની ગતિ પકડી રહ્યો નથી. આ કારણે આ મોટા રાજ્યોમાં લોકો હજુ પણ ગરમીથી પરેશાન છે અને સમયસર ખેતી કરી શકતા નથી. દેશમાં આગળ કેવો વરસાદ પડશે તેના વિશે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી છે. સોમવારે દેશમાં ચોમાસાની વર્તમાન સ્થિતિ અંગે માહિતી આપતા IMDના વૈજ્ઞાનિક સોમા સેને જણાવ્યું હતું કે, ‘‘ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય



મહારાષ્ટ્ર, કોસ્ટલ કર્ણાટકમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની સંભાવના છે. જેના કારણે સમગ્ર પશ્ચિમી તટ માટે ચાર દિવસ માટે ‘રેડ’ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સોમા સેને કહ્યું કે ‘મધ્યપ્રદેશ, તેલંગાણા, ઓડિશા, દક્ષિણ છત્તીસગઢ અને આંધ્ર પ્રદેશમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. જેને લઈને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદને લઈને એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે.

### અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનો આરોપ

# કેદારનાથ મંદિરમાંથી ૨૨૮ કિલોગ્રામ સોનું ગુમ થયું છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

દિલ્હીના બુરારીમાં કેદારનાથ મંદિરના નિર્માણ સામે દેશના અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. હવે જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે આને લઈને મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, કેદારનાથમાં સોનાનું કૌભાંડ થયું છે, તે મુદ્દો કેમ ઉઠાવવામાં આવતો નથી? તેમણે પૂછ્યું, ‘‘ત્યાં કૌભાંડ થયા પછી હવે દિલ્હીમાં કેદારનાથનું નિર્માણ થશે. પછી ફરી કૌભાંડ થશે.’’ તેમણે કહ્યું, ‘‘કેદારનાથમાંથી ૨૨૮ કિલો સોનું ગુમ થયું છે. આજ સુધી તેના પર કોઈ તપાસ હાથ ધરવામાં આવી નથી. આના માટે કોણ જવાબદાર છે? હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે કેદારનાથ દિલ્હીમાં જ બનશે, આવું ન થઈ શકે.’’ પીએમ મોદી પર પૂછવામાં આવેલા સવાલ પર તેમણે કહ્યું કે, ‘‘તે મારી પાસે આવ્યા અને શપથ



લીધા. અમારા નિયમો પ્રમાણે અમે તેમને આશીર્વાદ આપ્યા. નરેન્દ્ર મોદી અમારા દુશ્મન નથી. અમે તેમના શુભચિંતક છીએ, હંમેશા તેમનું કલ્યાણ ઈચ્છીએ છીએ. જ્યારે તે કોઈ ભૂલ કરે છે, હા, અમે તેના વિશે વાત બોલીશું.’’ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન બાદ શનિવારે (૧૩ જુલાઈ, ૨૦૨૪)ના રોજ આયોજિત શુભ આશીર્વાદ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર પહોંચ્યા હતા.




હરીયાણાના મહેન્દ્રગઢ ખાતે 'પછાત વર્ગ સન્માન સંમેલન' દરમિયાન હરિયાણાના સીએમ નાયબ સૈની અને અન્ય નેતાઓ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા.

### સુપ્રીમ કોર્ટને મળ્યા ૨ નવા જજ

# સુપ્રીમ કોર્ટને મળ્યા ૨ નવા જજ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મએ નિમણૂકને આપી મંજૂરી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂએ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં બે નવા જજોની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. જસ્ટિસ એન. કોટીશ્વર સિંહ અને જસ્ટિસ આર. મહાદેવનની સુપ્રીમ કોર્ટમાં નિમણૂકને મંજૂરી મળી છે. નિમણૂક બાદ જસ્ટિસ સિંહ મણિપુરમાંથી સુપ્રીમ કોર્ટના જજ બનનાર પ્રથમ વ્યક્તિ હશે. હકીકતમાં, સુપ્રીમ કોર્ટ કોલેજિયમે કેન્દ્ર સરકારને જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એન કોટીશ્વર સિંહ અને મદ્રાસ હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ આર. મહાદેવનને સુપ્રીમ કોર્ટના



ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડના નેતૃત્વ હેઠળના કોલેજિયમે ૧૧ જુલાઈએ તેમના નામોની ભલામણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સહિત ૩૪ જજોના પદોને મંજૂરી આપવામાં આવી છે. આ બંને શપથ ગ્રહણ કર્યા બાદ જજની તમામ જગ્યાઓ ભરવામાં આવશે.

## તંત્રી લેખ...

# ભારતીય સંસ્કૃતિમાં લગ્ન સમારોહોનું વિશેષ મહત્ત્વ

ભારતના લોકો શિક્ષણની તુલનાએ વિવાહ-લગ્ન સમારોહ પર લગભગ બે ગણો ખર્ચ કરી નાખે છે. ભારતીય વિવાહ ઉદ્યોગનું મૂલ્ય લગભગ ૧૦.૭ લાખ કરોડ રૂપિયા છે, જે તેને ખાદ્ય અને કિરાણાના સામાન બાદ સૌથી મોટો ઉદ્યોગ બનાવે છે. એક ભારતીય વિવાહ પર લગભગ ૧૨.૫ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે, જે કોઈ વ્યક્તિની સ્નાતક સુધીના ભણતર પર થનારા ખર્ચનો લગભગ બે ગણો ખર્ચ છે. ભારતીય સંસ્કૃતિમાં લગ્ન સમારોહોનું વિશેષ મહત્ત્વ છે. તે માત્ર બે વ્યક્તિઓનું મિલન જ નહીં, બલ્કે બે પરિવારનો સંગમ અને સામાજિક રીતરિવાજોનો ઉત્સવ ઉજવવાનો અવસર પણ હોય છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં આ લગ્નોનો ખર્ચ આસમાને આંબવા લાગ્યો છે, જે મોટી ચિંતાનો વિષય બનતો જાય છે. અસલમાં ભવ્ય લગ્ન સમારોહ પરિવારની શાન અને સમૃદ્ધિનું પ્રદર્શન કરવાની રીત બની ગઈ છે. દેખાડા અને પ્રતિસ્પર્ધાની હોડમાં લોકો ખર્ચની કોઈ મર્યાદા નથી રાખતા અને પોતાની ક્ષમતા કરતાં પણ વધુ ખર્ચ કરી નાખે છે. મોંઘાં કપડાં, આભૂષણ, એકથી એક મોંઘાં પકવાન અને ભવ્ય સજાવટ આજે દરેક લગ્ન સમારોહનો હિસ્સો બની ગયાં છે. ભારતીય સમાજમાં લગ્નને જીવનનો ખાસ પ્રસંગ માનવામાં આવે છે. તેથી માતા-પિતા પોતાના બાળકો માટે તેને બહેતર બનાવવા માગે છે. ભાવિ વર અને વધૂના મનમાં પણ પોતાના લગ્નને યાદગાર બનાવવાની પ્રબળ ઈચ્છા રહે છે. આ કારણથી તેઓ પણ લગ્ન સંબંધિત ખરીદી કરવા અને બ્યુટીપાર્લર વગેરેમાં ખુલ્લા હાથે પૈસા વાપરે છે. લગ્નમાં અપાતું દહેજ છોકરીના માતા-પિતા પર ખર્ચનો ઓર બોજો વધારી દે છે. એમ તો દહેજ કાયદાકીય રીતે અપરાધ છે, પરંતુ હજુ પણ કેટલાય ભારતીય પરિવારોમાં એ પ્રચલિત છે. જે પરિવાર પાસે વધુ પૈસા છે, તેઓ તો પોતાની પુત્રીને વધુને વધુ સામાનો અને ઉપહારો સાથે વિદાય કરે છે, પરંતુ તેનો દુષ્પ્રભાવ એ ગરીબ પરિવારો પર પડે છે, જેની પાસે પૈસા નથી. તેમ છતાં તેમણે સમાજની દેખાદેખીમાં દેવું કરીને પણ ભેટસોગાદો આપવી પડે છે. લગ્ન સમારંભોમાં થનારા ખર્ચને કારણે કેટલાય પરિવારની પુત્રીઓના શિક્ષણ પર વધુ ધ્યાન નથી અપાતું, કારણ કે પુત્રીના જન્મની સાથે જ તેઓ તેના લગ્ન માટે બચત કરવાનું શરૂ કરી દે છે. લગ્ન એક ખુશીનો અવસર છે, તેને બોજ ન બનવા દેવો જોઈએ. લગ્નોને ખુશહાલ અને ટકાઉ બનાવવા માટે લોકોને બિનજરૂરી ખર્ચા અને દેખાડો કરવાના નુકસાન વિશે જાગૃત કરવા જરૂરી છે. આપણે આપણી માનસિકતા બદલવી પડશે અને લગ્નોને સાદગીથી ઉજવવા પર ભાર મૂકવો પડશે.

## વરસાદના નવા રાઉન્ડની આગાહી, પણ માંગ્યા મેહ એમ કાંઈ વરસે?

સમગ્ર દેશમાં ચોમાસુ ધીમું પડયું છે, એને કારણે કિસાનોમાં ચિંતાનું વાતાવરણ છે. આ વખતે અતિવૃષ્ટિએ પૂર્વ ભારતમાં હજુ પણ વરસાદી વાદળો છવાયેલાં છે અને બ્રહ્મપુત્ર નદી જે દર વર્ષે ભરચોમાસે પાગલ થતી હોય છે તે આ વખતે બહુ વહેલા તોફાની બની ગઈ હતી. આસામના મોટાભાગના વિસ્તારોમાં જળ પ્રલયની પરિસ્થિતિ હતી અને છેલ્લા બે દિવસથી ફરી એની એ જ પ્રલય દશામાં આસામ ધકેલાઈ ગયું છે. બ્રહ્મપુત્રના ઘૂઘવાટા કરતા અને ફૂંફાડા મારતા પ્રવાહો ચોતરફ ફરી વળ્યા છે. સરેરાશ જુઓ તો ઉત્તર ભારતમાં વરસાદ પાછો પડયો છે. વરસાદના નવા રાઉન્ડની આગાહી હવામાન ખાતાએ કરી હતી, પણ માંગ્યા મેહ એમ કાંઈ વરસે? ઊભા થતા પાકને હજુ વરસાદી જળની જરૂર છે. દેશના મીડિયામાં હિમાચલ, આસામ અને ઉત્તરાખંડમાં નાગરિકોની જે પરિસ્થિતિ છે એનાથી બાકીનું શેષ ભારત હજુ વાકેફ નથી. આટલી જ તબાહી જો મહારાષ્ટ્ર કે ઉત્તર પ્રદેશમાં થઈ હોત તો પુર રાહતના ધમધોકાર કામ શરૂ થઈ ગયા હોત. રાજ્ય તરીકે કે મનુષ્ય તરીકે નાના હોવું એ ભારતમાં સૌથી મોટી આપત્તિ છે. ચોમાસુ ધીમું પડયું છે, પરંતુ એનો અર્થ એ નથી કે આકાશમાં વરસાદનાં વાદળો નથી. કર્ણાટક અને કેરળથી દૂર અરબી સમુદ્રમાં હવાનું હળવું દબાણ અત્યારે સેટેલાઈટ નકશામાં દેખાય છે, જે આવનારા થોડા દિવસમાં કેરળ, કર્ણાટક અને મહારાષ્ટ્ર પર ધોધમાર વરસાદ તાણી લાવશે. પરંતુ એ માત્ર સંભાવના છે. ઉપરાંત એ જ હવાનું હળવું દબાણ ઉપર આવતા દક્ષિણ ગુજરાતને સ્પર્શ કરશે અને ત્યાં પણ ધોધમાર વરસાદ આવશે. એમ હવામાન નિષ્ણાતો કહે છે પણ એય હવે તો સંભાવના જ છે. ગુજરાતમાં ચોમાસાની ફરી જમાવટ ક્યારે થશે એ પ્રશ્ન છે. તો પણ અરબી સમુદ્રના પ્રભાવથી પ્રચ્છન્ન વરસાદ તો રહેશે. જેમણે વાવણી કરી દીધી છે એમને ટેકો મળી જાય એવી સંભાવના છે. જેમણે પોતાના પાકને એકાદ-બે પાણી પાવામાં એટલે કે થોડી સિંચાઈ કરી લેવામાં વાંધો નથી એને તો કોઈ તકલીફ જ નથી. આ વખતે જેને વરસાદ પહેલાંની ઝલક કહેવાય એટલે કે પ્રિ-મોન્સૂન શાવર એના નિયત સમયપત્રક કરતાં વહેલા હતા અને એને કારણે જ અસલી ચોમાસુ પણ વેરવિખેર થયેલું છે. બંગાળના અખાત પર આકાર લેતા વાતાવરણનો જે લાભ પૂર્વ ભારતથી શરૂ કરીને મધ્ય અને પશ્ચિમ ભારતને તથા પાકિસ્તાન સુધી મળતો રહ્યો છે તેમાં આ વખતે હિમાલયન પવનોએ દિશા બદલતા ચિત્ર બદલાયું છે. શ્રીલંકાથી બંગાળના અખાત સુધીના દરિયા પર વરસાદી પવનોએ એકચક્રી શાસન કર્યું હતું. બંગાળના અખાતમાંથી સર્જાયેલાં વાદળોના ઘટાટોપ સમૂહને ભારતના મધ્ય પટ્ટામાં વહેતા કરવા માટે પૂર્વથી પશ્ચિમ તરફનો પવન જરૂરી હોય છે, પરંતુ ગુજરાતમાં રોજ સાંજે પ્રજાને અનુભવ થાય છે તેમ પવન હમણાંથી પડી જાય છે, એટલે કે સ્થિર થઈ જાય છે. આસામ ઉપર પણ પવન સ્થિર થઈ જતાં અને હિમાલયન પવનો ઈશાન દિશાથી ગુજરાત તરફ જવાને બદલે પૂર્વ તરફ ફંટાયા છે, એટલે બંગાળના અખાત ઉપરનો ચોમાસાનો પ્રથમ રાઉન્ડ એકસાથે આસામમાં વરસી પડયો. જેનો ભારતના અન્ય રાજ્યોને લાભ મળ્યો નથી અને આસામમાં જળ પ્રલય થઈ ગયો હતો. અગાઉના વરસે ગુજરાતમાં લીંબુના ભાવ એક કિલોના ત્રણસો રૂપિયા સુધી પહોંચી ગયા હતા. આજે યાર્ડમાં એટલા જ રૂપિયામાં લીંબુ એક મણ મળે છે. આ વખતે એ રંગ ટમેટાંએ બતાવ્યો હતો. પહેલેથી જ નિષ્ણાત હવામાનશાસ્ત્રીઓએ કહ્યું છે કે આ વખતનો વરસ સારું છે, પરંતુ ખંડવૃષ્ટિ ધરાવે છે એટલે કે વરસાદ વરસવામાં અત્યારની જેમ વચ્ચે વચ્ચે અંતર આવવાનું નિશ્ચિત છે. જે કિસાનો પાસે થોડી ઘણી પિયતની વ્યવસ્થા હશે તેને માટે આ ચોમાસુ સોનાની લગડી નીવડશે, પરંતુ એ નહીં હોય ત્યાં આઠ આની કે છ આની જેવો વરતારો રહેવાનો છે.

ભગવાનનું ચિંતન ન થાય તો વાંધો નહીં પણ સંસારના વિષયનું ચિંતન કરશો નહીં, સત્સંગ-ભજન કરો તો તન મનમાં જુવાની રહેશે

# ગરીબ લોકો એમ સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી, શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાન શંકરના શિષ્ય પદ્મપાદને ગંગાકિનારે અનેક અપશુકન થાય છે, તે દોડતા દોડતા પાછા મઠમાં આવે છે, આવીને જુએ તો યવન તલવાર લઇને ગુરુદેવનું શિર કાપવા તૈયાર થયો છે, પદ્મપાદને એકદમ ક્રોધ આવ્યો, સિંહ બની તેમણે યવનને ચીરી નાખ્યો, આ પ્રસંગ બતાવે છે કે, ઉપાસકમાં ઉપાસ્યની દિવ્યશક્તિ આવે છે.**

એક વખત એક યવન શંકરાચાર્યને કહે કે,મારે ભૈરવ યજ્ઞ કરવો છે. પૃથ્વીના સાર્વભૌમ રાજાના મસ્તક ની આહુતિ ભૈરવ યજ્ઞમાં કરવી પડે છે, તે તો મળે તેમ નથી. માટે મારું મસ્તક મને આપો. શંકરાચાર્યે કહ્યું, મારા શરીરના મસ્તકથી તમારું કામ થતું હોય તો લઈ જા! શિષ્યો ન હોય અને હું ધ્યાનમાં બેસું ત્યારે આવીને મારું મસ્તક લઈ જજે! યવન એ તકની રાહ જોઈ રહ્યો. પછી એક વખત મઠમાં કોઈ નથી તેની ખાતરી કરી એ મસ્તક કાપીને લઈ જવા આવ્યો. ભગવાન શંકરના શિષ્ય પદ્મપાદને ગંગાકિનારે અનેક અપશુકન થાય છે.તે દોડતા દોડતા પાછા મઠમાં આવે છે. આવીને જુએ તો યવન તલવાર લઈને ગુરુદેવનું શિર કાપવા તૈયાર થયો છે. પદ્મપાદને એકદમ ક્રોધ આવ્યો. સિંહ બની તેમણે યવનને ચીરી નાખ્યો. આ પ્રસંગ બતાવે છે કે, ઉપાસકમાં ઉપાસ્યની દિવ્યશક્તિ આવે છે. પદ્મપાદ નૃસિંહ ભગવાનના ભક્ત હતા. નૃસિંહનું દયાન કરતાં કરતાં પદ્મપાદના દેહમાં નૃસિંહનો આવેશ આવ્યો. શુકદેવજી વર્ણન કરે છે કે, મદિરાના મદાંધને દેહનું ભાન રહેતું નથી તેમ ધ્યાન કરતાં જે દેહભાન ભૂલે છે તેની પાછળ પાછળ ભગ વાન ભમે છે. પ્રભુ પ્રેમમાં પાગલ થયો છે તે સુખી છે. બાકીનાં સર્વ દુઃખી છે. પછી કપિલ ભગવાન કહે છે, માતા આ સર્વ કરતાં શ્રીકૃષ્ણનું ધ્યાન કરતાં જે દેહભાન ભૂલે તે સર્વથી શ્રેષ્ઠ છે. ભાગવત ભક્તો પ્રારબ્ધ કર્મને પણ મિથ્યા કરી શકે તેથી શ્રેષ્ઠ છે. નારદજી એક વખત વૈકુંઠ લોકમાં આવ્યા. જુએ તો ભગવાન ધ્યાનમાં બેઠેલા! નારદજી પૂછે છે કે, ભગવાન તમે વળી કોનું ધ્યાન કરો છો. ભગવાન કહે છે, હું મારા ભક્તોનું ધ્યાન કરું છું. નારદજી કહે, તે શું એ ભક્તો એવા શ્રેષ્ઠ છે કે તમે તેનું ધ્યાન કરો છો? હા, તે મારા કરતાં પણ શ્રેષ્ઠ છે. નારદ કહે, માન્યમાં નથી આવતું. ભગવાન પૂછે છે, તો તમે જ કહો. જગતમાં સૌથી મોટું કોણ? નારદ કહે, પૃથ્વી! ભગવાન કહે, પૃથ્વી શાની મોટી? પૃથ્વી તો શેષ નાગની ફણા ઉપર રહેલી છે. શેષનાગ મોટા. શેષનાગ વળી શાના મોટા? શેષનાગને તો શિવજીનું હાથનું કડું કરીને રાખે છે! તો શિવજી મોટા! વળી શિવજી શાના મોટા? રાવણે શિવજી સહિત કૈલાસને ઊઠાવ્યો હતો. ત્યારે રાવણ મોટો! અરે રાવણ શાનો મોટો? વાલી રાવણને બગલમાં દબાવીને સંધ્યા કરતો! માટે વાલી મોટો! વાલી વળી શાનો મોટો! વાલીને રામજીએ મારેલો. ત્યારે આપ સર્વથી મોટા! ભગવાન કહે છે, ના, હું પણ મોટો નથી. મારા કરતાં મારા ભક્તો મોટા છે. કારણ આખું જગત મારા હૈયામાં પણ હું ભક્તોના હૈયામાં. મને હૈયામાં રાખીને વ્યવહાર કરે છે. એ જ્ઞાની ભક્તો મારાથી શ્રેષ્ઠ છે. ભગવાનના ભક્તો ભગવાનથી પણ વધારે છે. રામથી અધિક રામનો દાસ! કારણ કે મારા નિષ્કામ ભક્તો સાલોક્ય, સાષ્ટિ સામિપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય કોઈ પણ પ્રકારની મુક્તિની ઈચ્છાપણ કરતા નથી. એમને ખપ માત્ર મારી સેવા, બીજું કંઈ નહીં. પ્રભુ કહે છે કે મારા ભક્તો મારાં અપ્રાકૃત પ્રેમ સ્વરૂપને પામે છે. ત્યારેદેહમાં આસક્ત પુરુષો અધોગતિને પામે છે. કપિલજી કહે છે, મા, વધુ શું કહું? ઈશ્વરથી વિખૂટા પડેલા જીવને સુખ નથી. મા, વૃદ્ધાવસ્થામાં આ શરીર ઘરડું બને છે. પણ મન અને બુદ્ધિ તો જુવાન રહે છે. જુવાનીમાં ભોગ વેલા સુખનું મન વારંવાર ચિંતન કરે છે. ભગવાનનું ચિંતન ન થાય તો વાંધો નહીં પણ સંસારના વિષયનું ચિંતન કરશો નહીં. સત્સંગ અને ભજન કરો તો તન મનમાં જુવાની રહેશે, ને ઘડપણ બોજારૂપ નહીં બને. વૃદ્ધાવસ્થામાં ખાધેલું પચતું નથી, છતાં ખાવાની વારંવાર ઈચ્છા થાય છે. વૃદ્ધાવસ્થામાં આ લૂલી બહુ પજવે છે. હજી શરીર સારું છે, ત્યાં સુધી બાજી હાથમાં છે ત્યાં સુધી પ્રભુને રાજી કરો તો બેડોપાર છે. મરણ પથારીમાં પડયા પછી જેના માટે તમે પૈસાનું પાણી કર્યું તે લોકો જ તમે જલદી મરો તેવી ઈચ્છા રાખે છે. આપ્તવર્ગ પણ મને કંઈ મળશે એવી ઈચ્છાથી સેવા કરે છે. બધાં સ્વાર્થનાં સગાં ભેગાં થાય છે. ભાગવતમાં સગાંઓને શિયાળ, કૂતરા જેવાં કહ્યાં છે. છેવટે ડોસો એકલો રડતો રડતો જાય છે. જાણે છે કે હું જઈશ ત્યારે કોઈ સ્ત્રી-પુરુષ સાથે આવશે નહીં. મારે એકલાને જવું પડશે છતાં વિવેક રહેતો નથી. યમ દૂતો આ જીવાત્માને શરીરમાંથી બહાર કાઢે છે. અંત કાળમાં બે યમદૂતો આવે છે. પાપ પુરુષ અને પુણ્ય પુરુષ. પુણ્ય પુરુષ કહે છે, તને પુણ્ય કરવાની તક આપી છતાં તે પુણ્ય કદી કર્યું નહીં. આ જીવમરે છે ત્યારે અતિશય તરફડે છે. યમ દૂતોની ગતિપગથી આંખ સુધી હોય છે. બ્રહ્મરંધ્રમાં જે પ્રાણને સ્થિર કરે છે તેને યમદૂતો કાંઈ કરી શકતા નથી. મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી. સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર,તેની અંદર કારણ શરીર છે. સૂક્ષ્મ શરીરની અંદર રહેલી વાસનાઓને કારણ શરીર છે. યમદૂતો જીવાત્માને સૂક્ષ્મ શરીર સાથે યમપુરીમાં લઈ જાય છે. અતિપાપી માટે યમપુરીનો માર્ગ ભયંકર છે. પાપીને ગરમ રેતી ઉપર ચાલવું પડે છે. ચિત્રગુપ્ત જીવાત્મા એ કરેલાં પાપ પુણ્ય જીવાત્મા યમ દરબારમાં સંભળાવે છે. ચૌદ સાક્ષીઓ સાક્ષી આપે છે. પછી જીવાત્મા ને પાપ કબૂલ કરવું પડે છે. પૃથ્વી, ચંદ્ર વગેરે ચૌદ સાક્ષીઓ છે. પાપ પ્રમાણે નરકની સજા થાય છે. જો કોઈ જીવનાં પાપ-પુણ્ય સરખા હોય તો તે ચંદ્રલોકમાં જાય છે. પુણ્ય જ હોય તો સ્વર્ગમાં જાય છે. પુણ્ય ખૂટી જાય એટલે ફરીથી મનુષ્યલોકમાં જન્મ લેવો પડે છે અને આમ અનેક જન્મમરણનું દુઃખ ભોગવે છે. ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે. વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા. મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી. ઉંદર આવીને મહાત્માની ગોદમાં ભરાયો મહાત્માને દયા આવી. ઉંદરને કહ્યું, તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું, હું બિલાડી બની જાઉં તો પછી કોઈ ની બીક ન રહે. કહે, મને બિલાડી બનાવીદો. મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી. એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડયો. ત્યારે બિલાડીએ કહ્યું, મહારાજ, મને કૂતરો બનાવી દો. હવે તે કૂતરો બન્યો. એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડયો. એટલે કૂતરો કહે, મહારાજ મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો. વાઘ બનાવ્યો ત્યારે હિંસકવૃત્તિ જાગૃત થઈ. તેણે વિચાર્યું, આ મહારાજ મને ફરીથી ઉંદર બનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં. મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો. આ ઉંદર-બિલાડીની કથા નથી.આ કથા આપણી કથા છે આ જીવ એક વખત ઉંદર હતો એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે.માનવ બન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી જાય તો પાછો હતો ત્યાં ને ત્યાં જ પહોંચી જવાનો; ત્યારે તે કહેવા લાગ્યો કે, હું ઈશ્વરમાં માનતો નથી ધર્મમાં માનતો નથી! ભગવાન ક્યા ચીજ હૈ! પણ ભગવાન કહે છે કે, યાદ રાખ. હું તને ફરીથી ઉંદર બિલાડી બનાવી દઈશ. આ મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખ વાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત કર્મના સિદ્ધાંત પ્રમાણે ફળ અવશ્ય મળે છે તે આપણે જાણતા હોવા છતાં માનવીય સ્વાર્થમાં અંધ બની ન કરવાના કર્યો કરીએ છીએ. ભ્રષ્ટાચાર આર્થિક ઉપાર્જન માટે ક્ષણિક સુખ આપે પણ છેવટે તો.. જો સમજાય તો ધન્યવાદ બસ આ પ્રકારનું ચિંતન મનન કરી હદય મનને આનંદ મળે તેવા પ્રયત્ન કરીએ અસ્તુ.

અમિત શાહની પરિકલ્પનાને અનુસરતા બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરી હતી

# બે જિલ્લાઓમાં સફળતા બાદ હવે રાજ્યના તમામ જિલ્લાઓમાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરશે ગુજરાત સરકાર

**આ સમયગાળા દરમિયાન, દૂધ સંઘો સાથે સંલગ્ન ૧૦૪૮ દૂધ મંડળીઓના પ્રવર્તમાન બેંક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે એકીકૃત કરવામાં આવ્યા અને વધારાનું ભંડોળ તેમના નવા બેંક ખાતાઓમાં સંપૂર્ણપણે ટ્રાન્સફર કરવામાં આવ્યું, 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ હેઠળ બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં ૪ લાખથી વધુ નવા ખાતા ખૂલ્યા અને થાપણોમાં રૂ.૯૬૬ કરોડનો વધારો થયો, બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાની સહકારી સંસ્થાઓમાં ૧૭૦૦થી વધુ માઇક્રો ATM પણ લગાવવામાં આવ્યા.**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ તરીકે 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ લાગુ કરી હતી, જેની સફળતા બાદ હવે આ પહેલને રાજ્યના બાકીના તમામ જિલ્લાઓમાં લાગુ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. ઉલ્લેખનીય છે કે આ નવી પહેલના સફળ પ્રયોગને કારણે બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં સહકારી મંડળીઓ અને તેમના સક્રિય સભ્યો દ્વારા ૪ લાખથી વધુ નવા ખાતા ખોલવામાં આવ્યા છે, જેના પરિણામ સ્વરૂપે સહકારી બેંકોની થાપણોમાં રૂ.૯૬૬ કરોડનો વધારો થયો છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝન હેઠળ દેશભરમાં સહકારી સંસ્થાઓને મજબૂત કરવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી. કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ સહકાર ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. આવા જ એક પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરવામાં આવી હતી, જે ખૂબ જ સફળ રહી છે. સહકાર ક્ષેત્રની આ નોંધપાત્ર સિદ્ધિ અંગે ગુજરાતના સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ''મજબૂત સહકારી ક્ષેત્ર 'વિકસિત ગુજરાત'ના પાયામાં મજબૂત આધારસ્તંભ સાબિત થઈ શકે છે, જે આપણને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન 'વિકસિત ભારત @૨૦૪૭'ને સાકાર કરવામાં મદદરૂપ સાબિત થશે.''

**'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શું છે?**

આ પહેલનો ઉદ્દેશ ગુજરાતની હજારો સહકારી મંડળીઓના બેંક ખાતાઓ અને થાપણોને જિલ્લા અને રાજ્ય સહકારી બેંકોના નેજા હેઠળ કેન્દ્રીયકરણ કરીને



તેમની વચ્ચે સહકાર વધારવાનો છે. આમાં, વિવિધ કોમર્શિયલ બેંકોમાં કાર્યરત સહકારી સંસ્થાઓ અને તેમના સભ્યોના વર્તમાન બેંક ખાતાઓને એકીકૃત કરવામાં આવ્યા છે અને કેન્દ્રીયકૃત જિલ્લા સહકારી બેંક/ રાજ્ય સહકારી બેંક હેઠળ લાવવામાં આવ્યા છે. કેન્દ્રીયકૃત બેંક હેઠળ સહકારી સંસ્થાઓની સામૂહિક મૂડીને એકીકૃત કરવાના ઘણા મહત્વપૂર્ણ પરિણામો જોવા મળ્યા છે. ઉદાહરણ તરીકે, કેન્દ્રીયકૃત સહકારી બેંકની થાપણોમાં નોંધપાત્ર વધારો થયો છે, સહકારી મંડળીઓમાં નાણાકીય પ્રવાહીતા વધી છે, જેના કારણે લોન સંબંધિત જરૂરિયાતો અને માંગણીઓ હવે સરળતાથી પૂરી થઈ શકે છે. આ ઉપરાંત, આ પહેલ હવે સુનિશ્ચિત કરશે કે સહકારી સંસ્થાઓની સામૂહિક મૂડીનો ઉપયોગ અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા પણ કરી શકાય. બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાઓમાં સફળ રહ્યો 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પાયલટ પ્રોજેક્ટ, જૂન ૨૦૨૩ અને જાન્યુઆરી ૨૦૨૪ની વચ્ચે, ગુજરાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની પરિકલ્પનાને અનુસરતા બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરી હતી. આ સમયગાળા દરમિયાન, દૂધ સંઘો સાથે સંલગ્ન ૧૦૪૮ દૂધ મંડળીઓના પ્રવર્તમાન બેંક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે એકીકૃત કરવામાં આવ્યા અને વધારાનું ભંડોળ તેમના નવા બેંક ખાતાઓમાં સંપૂર્ણપણે ટ્રાન્સફર કરવામાં આવ્યું. બંને જિલ્લાની સહકારી બેંકોમાં ૪.૭ લાખથી વધુ નવા બચત ખાતા ખોલવામાં આવ્યા, જેના કારણે આ બેંકોની હાલની થાપણોમાં રૂ.૯૬૬ કરોડનો વધારો થયો. આ પહેલ હેઠળ સહકારી સંસ્થાઓ અને સક્રિય સભ્યોને કુલ ૩.૩૨ લાખ RuPay ડેબિટ કાર્ડ પણ જારી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગ્રામ્ય સ્તરે બેંકિંગ સુવિધાઓ અને નાણાકીય પ્રવાહીતા વધારવા માટે, આ જિલ્લાઓમાં કુલ ૧૭૩૬ મંડળીઓ, જેમાં દૂધ સંઘો સાથે સંકળાયેલી અગ્રણી દૂધ મંડળીઓનો પણ સમાવેશ થાય છે, તેમને 'બેંક મિત્ર' બનાવી તેઓને માઈક્રો ATM (પોઈન્ટ ઓફ સેલ મશીન) પૂરા પાડવામાં આવ્યા છે. એટલું જ નહીં, આ સહકારી સંસ્થાઓ પર્યાપ્ત આવક મેળવે તે સુનિશ્ચિત કરવા માટે કમિશનના દરો પણ નક્કી કરવામાં આવ્યા છે, જે માઈક્રો- ATMના અસરકારક ઉપયોગને પ્રોત્સાહિત કરશે. આ પહેલ હેઠળ, સભ્યો દ્વારા નાણાકીય સેવાઓ મેળવવામાં આવતા પડકારોને ધ્યાનમાં રાખીને, સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ૧૬૩૧થી વધુ કર્મચારીઓને માઈક્રો- ATMના સંચાલન, રોકડ ઉપાડ અને થાપણો સહિત ડિજિટલ વ્યવહારો પર વિશેષ તાલીમ આપવામાં આવી છે. 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' મૉડલ સમગ્ર ગુજરાતમાં લાગુ કરવામાં આવશે, બનાસકાંઠા અને પંચમહાલમાં આ પાયલટ પ્રોજેક્ટની સફળતા બાદ રાજ્ય સરકારે તમામ જિલ્લાની સહકારી સંસ્થાઓમાં તેનો અમલ કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલના અમલીકરણ બાદ જિલ્લા સહકારી બેંકો ગ્રામ્ય સ્તરે તેમની સેવાઓનું વિસ્તરણ કરી શકશે અને એ સુનિશ્ચિત કરી શકશે કે ગુજરાતની સહકારી સંસ્થાઓની મૂડી સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા સભ્યો અને અન્ય સહકારી સંસ્થાઓને નાણાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં ઉપયોગી બને.

## આ ખાસ નવરત્ન હાર માટે 3 વર્ષ સુધી શોધવામાં કિંમતી પથ્થર આવ્યા હતા

અનંત અંબાણી અને રાધિકા મર્ચેન્ટના લગ્નનો વીડિયો અને તસવીર ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યા છે. સૌ કોઈ આ લગ્ન વિશે ચર્ચા કરી રહ્યા છે. અંબાણી પિરવારના આ લગ્નમાં આમ તો કેટલીય વસ્તુઓ ચર્ચામાં રહી છે, પણ સૌથી વધારે સમાચાર અંબાણી લેડીઝની જ્વેલરીના જોવા મળે છે. પછી તે નીતા અંબાણી હોય, રાધિકા હોય કે શ્લોકા અંબાણી, તમામની જ્વેલરી દરેક આઉટફિટ સાથે ખૂબ જ શાનદાર અંદાજમાં જોવા મળી રહી છે. પણ નીતા અંબાણીની દીકરી અને બિઝનેસવુમન ઈશા અંબાણી આ લગ્નમાં જે પણ જ્વેલરી પહેરી છે, તેના પર સૌ કોઈની નજર ટકેલી છે. ઈશાએ આ લગ્નના રિસેપ્શનમાં એક એવો ખાસ નવરત્ન નેકલેસ પહેર્યો છે, જેની ચમક સતત ચર્ચામાં રહી છે. આવો આપને જણાવીએ આખરે આ હાર કેટલો ખાસ છે. યૂએસના એક પ્રસિદ્ધ સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએંસર જૂલિયા પણ આ લગ્નમાં અમેરિકાથી અહીં આવી હતી. જૂલિયાએ સોશિયલ મીડિયા પર શેર કરેલા ઈશાનો આ હાર ખૂબ જ અદ્ભૂત છે. હકીકતમાં જોઈએ તો, આ નરત્ન નેકલેસમાં એક બે નહીં પણ ૭ જેમસ્ટોન લાગેલા છે. આ નેકલેસમાં ઈશા શાનદાર લાગી રહી છે. જૂલિયાએ પોતાના ઈંસ્ટાગ્રામ પોસ્ટમાં જણાવ્યું છે કે, લગ્નમાં ખુદ નીતા અંબાણીએ જણાવ્યું કે, ઈશાના આ હાર માટે આ જેમસ્ટોન્સને એકઠા કરવામાં પુરા ૩ વર્ષ લાગ્યા છે.



# ચિયાન વિક્રમની 'થંગાલન' ફિલ્મ રહસ્યમય દુનિયાનો પડદો ઉઠાવશે

### ટ્રેલર આપણને 'થંગાલન' ના રહસ્ય અને જાદુની ઝલક આપે છે, જે દુનિયા પહેલા ક્યારેય જોઈ નથી




દક્ષિણ ફિલ્મ ઉદ્યોગની વધુ એક દમદાર સ્ટોરી ટૂંક સમયમાં જ થિયેટરોમાં આવશે. ચિયાન વિક્રમની ફિલ્મ 'થંગાલન'નું ટ્રેલર આવી ગયું છે જે ખૂબ જ દમદાર અને રસપ્રદ લાગે છે. ફિલ્મનું ટ્રેલર વાસ્તવમાં જબરદસ્ત, રહસ્યમય અને રહસ્યમય છે. ફિલ્મ માટે દર્શકોની ઉત્તેજના ચરમસીમાએ છે અને હવે આ રસપ્રદ ટ્રેલરે તેને આગલા સ્તર પર લઈ લીધું છે. ટ્રેલર ચિયાન વિક્રમના શાનદાર પરિવર્તન અને રણજીતના તેજસ્વી નિર્દેશનને હાઈલાઈટ કરે છે, જે ફિલ્મના તમામ શ્રેષ્ઠ પાસાઓને બહાર લાવે છે.' થંગાલન'નું ટ્રેલર રિલીઝ ટ્રેલર આપણને 'થંગાલન' ના રહસ્ય અને જાદુની ઝલક આપે છે, જે દુનિયા પહેલા ક્યારેય જોઈ નથી. ચિયાન વિક્રમ તેની ભૂમિકામાં અજાયબી કરતો જોવા મળે છે. પા. 'સરપટ્ટ પરંબરાઈ', 'કબાલી' અને 'કાલા' જેવી હિટ ફિલ્મો માટે જાણીતા રંજીથે ફરી એક અનોખી અને અલગ ફિલ્મ બનાવી છે. ટ્રેલર જોયા પછી દર્શકોની ઉત્સુકતા વધી ગઈ છે કે શું થઈ રહ્યું છે. ટ્રેલર તમને એક અલગ જ દુનિયામાં લઈ જાય છે, પરંતુ ફિલ્મની વાર્તા કોલાર ગોલ્ડ ફિલ્ડ્સના વાસ્તવિક ઈતિહાસ વિશે છે. ૨૦૦ વર્ષ પહેલાં, અંગ્રેજોએ કોલાર સોનાની ખાણ ક્ષેત્રની શોધ કરી અને તેનો ઉપયોગ તેમના ફાયદા માટે કર્યો.કે.ઈ. આ ફિલ્મનું નિર્માણ જ્ઞાનવેલ રાજાએ કર્યું છે. તેમનું બેનર 'Si3' અને 'થાના સેરાંધા કૂતમ' જેવી ફિલ્મો માટે જાણીતું છે. 'થંગાલન' ઉપરાંત ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવવા માટે જાણીતા કે.ઈ. જ્ઞાનવેલ રાજા આ વર્ષની બીજી મોટી ફિલ્મ રિલીઝ થઈ રહી છે. નામ છે સૂર્યા સ્ટારર ફિલ્મ 'કંગુવા'.ચિયાન સ્ટારર ફિલ્મ 'થંગાલન' વિશે વાત કરીએ તો, તે ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. તે ૫ ભાષાઓમાં આવી રહ્યું છે. હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ. ફિલ્મનું સંગીત જીવી પ્રકાશ કુમારે આપ્યું છે.તમને જણાવી દઈએ કે સાઉથ સ્ટારર યશ ફિલ્મ 'KGF' પણ કોલાર ગોલ્ડ ફિલ્ડ્સ પર આધારિત હતી, પરંતુ તેની સ્ટોરી એકદમ અલગ હતી. તે જોવાનું રસપ્રદ રહેશે કે ચિયાન વિક્રમની ફિલ્મ 'થંગાલન' KGFથી કેવી અલગ છે.


## 'એક મહિના સુધી દરરોજ ૧૬ કલાક પેઇન્ટ કરીને ચણિયાચોળી બનાવી હતી

પાછલા એક અઠવાડિયાથી અંબાણી પરિવારના લગ્નની વિવિધ બાબતો ચર્ચામાં રહી છે, ખાસ કરીને તેમના ડ્રેસીસ અને તેમના દાગીના સામાન્ય ભારતીય પરિવારથી લઇને અખબારો, ફેશનના વિશ્લેષકો અને ક્રિટિક્સથી લઇને જાણીતી હસ્તીઓમાં પણ ચર્ચાનો વિષય રહ્યાં છે. તેમાં બ્રાઈડ રાધિકાના ડ્રેસીસમાં શુભ આશીર્વાદ ફંક્શનની હેન્ડ પેઈન્ટેડ ચણિયાચોળીએ સહુ કોઈનું સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હતું. અંબાણી પરિવારની વહુ તરીકેના પહેલાં પ્રસંગમાં રાધિકાએ અબુ જાની - સંદીપ ખોસલા દ્વારા ડિઝાઈન કરેલા રાણી કલરના હેન્ડ પેઈન્ટેડ ચણિયાચોળી પહેર્યાં હતાં. જે જયશ્રી બર્મન નામના કલાકાર દ્વારા પેઈન્ટ કરવામાં આવ્યાં છે. તેમની તસવીરો અને વિવિધ મંચ પર તેમના ઈન્ટરવ્યૂ કરવામાં આવ્યા છે. જેમાં તેમણે આ ચણિયાચોળીની પ્રોસેસની વાત કરી હતી. જયશ્રી બર્મને જણાવ્યું, 'હું એક મહિના સુધી સતત ૧૫-૧૬ કલાક સુધી પેઈન્ટ કરતી હતી. એક સાધુની જેમ મેં જાણે તપસ્યા આદરી હતી. જાણે એક કલ્પનાને જીવંત કરવા માટે મેં મેડિટેશન કરવાનું શરૂ કર્યું હતું.' આ ચિત્રોમાં જયશ્રી બર્મન તેમની જે શૈલી માટે જાણીતા છે તેવી દંતકથાઓને અનંત અને રાધિકાના મિલનના સંકેત સ્વરૂપે દર્શાવવામાં આવી છે. તેમાં દિવ્ય તેજ ધરાવતા નવયુગલ, તેમજ અનંતના પશુપ્રેમ, તેમજ ભારતીય સંસ્કૃતિમાં હાથીનું મહત્વ દર્શાવતાં હાથીના ચિત્રો બનાવવામાં આવ્યાં છે. જયશ્રી મહિલાલક્ષી ચિત્રો બનાવવા માટે જાણીતા છે. તેમણે જણાવ્યું કે સમગ્ર બ્રહ્માંડ તેમની પ્રેરણા હતું.

### વિકી કૌશલ કહ્યું- અમે ગુડ ન્યૂઝ આપીશું પણ અત્યારે...

# પ્રેગ્નેન્સીની અફવા પર વિકી કૌશલની સ્પષ્ટતા

બોલિવૂડ એક્ટ્રેસ કેટરિના કેફ છેલ્લાં ઘણાં સમયથી પોતાની પ્રેગ્નન્સીને લઈને ચર્ચામાં છે. કેટરિનાની પ્રેગ્નેન્સીના સમાચાર તે સમયે સામે આવવાના શરૂ થયા જ્યારે તે પોતાના પતિ વિકી કૌશલ સાથે લંડનમાં રજાઓ ગાળી રહી હતી અને તે દરમિયાનની અમુક તસવીરો ઈન્ટરનેટ પર સામે આવી હતી. તે બાદ લોકોએ તેના પ્રેગ્નન્ટ હોવાની વાત કરવાની શરૂ કરી દીધી. તે બાદ તે જ્યારે પણ ક્યાંક ઢીલા કપડામાં સ્પોટ થાય છે તો લોકોની શંકા વધુ પાક્કી થવા લાગે છે. આ દરમિયાન હવે પહેલી વખત પત્ની કેટરિનાની પ્રેગ્નન્સી પર વિકી કૌશલે મૌન તોડ્યું છે. વિકી કૌશલ અત્યારે પોતાની અપ કમિંગ ફિલ્મ બેડ ન્યૂઝને લઈને ચર્ચામાં છે. વિકી અને ફિલ્મની સમગ્ર ટીમ અત્યારે પ્રમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન વિકીને એક ઈવેન્ટમાં કેટરિના કૈફની પ્રેગ્નન્સીને લઈને સવાલ કરાયો હતો. આ અંગે વિકી કૌશલે જવાબ આપતાં કહ્યું કે આ સમાચારમાં કોઈ સત્ય નથી, જે દિવસે યોગ્ય સમય આવશે હું પોતે આ ખુશખબરી તમારી સાથે શેર કરીશ, પરંતુ અત્યારે તમે બેડ ન્યૂઝ એન્જોય કરો. આ સમાચારથી સ્પષ્ટ થઈ ગયું છે કે કેટરિના હાલ પ્રેગ્નન્ટ નથી. તાજેતરમાં જ કેટરિના કૈફ અને વિકી કૌશલ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં સામેલ થયા હતાં. આ દરમિયાન કેટરિના લાલ કલરની સાડીમાં સુંદર લાગી રહી હતી. વિકીએ ક્રીમ કલરનો કુર્તો પાયજામા પહેરેલો હતો. બંનેની જોડી ખૂબ સુંદર નજર આવી રહી હતી. આ દરમિયાન પણ કેટરિનાને જોઈને લોકોએ તેના પ્રેગ્નેન્ટ હોવાની વાત કહી હતી. વિકી કૌશલની નવી ફિલ્મ ૧૯મી જુલાઈના રોજ સિનેમાઘરોમાં રીલીઝ થશે. નામ છે 'Bad Newz'. આ ફિલ્મમાં વિકી સાથે તૃપ્તિ ડિમરી જોવા મળશે. બંને હાલમાં આ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. હાલમાં જ દિલ્હીમાં આયોજિત એક પ્રમોશનલ ઈવેન્ટમાં વિકીને કેટરીનાની પ્રેગ્નન્સી વિશે પૂછવામાં આવ્યું હતું. જવાબ આપતા વિકીએ તમામ અફવાઓમાં કોઈ તથ્ય નથી. કેટરીનાની પ્રેગ્નન્સીની અફવાઓ ઘણા સમયથી ચાલી રહી છે. આ વિશે વાત કરતાં વિકીએ કહ્યું કે જ્યારે પણ કંઈક હશે, તો ખુશીથી તેની જાહેરાત કરશે. આ અફવાઓને ફગાવી દેતાં વિકીએ કહ્યું કે અફવામાં કોઈ તથ્ય નથી. તેણે દરેકને તેની ફિલ્મ 'બેડ ન્યૂઝ' જોવા માટે પણ કહ્યું.



### જોન સીના હાથ જોડીને પ્રણામ કરતો જોવા મળ્યો હતો

# શાહરૂખ ખાનનો ફેન બન્યો જ્હોન સીના!

### અનંત અને રાધિકાના શુભ આશીર્વાદ સમારોહની એક તસવીર શેર કરી છે

હોલીવુડ એક્ટર અને રેસલર જ્હોન સીના પણ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં હાજરી આપવા ભારત આવ્યા છે. તેમણે અનંત-રાધિકાના શુભ લગ્ન અને આશીર્વાદ સમારોહમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેણે પોતાના વેરિફાઈડ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી એક પોસ્ટ પણ કરી છે. આ પોસ્ટમાં તેણે શાહરૂખ ખાન સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો છે અને તેના વખાણ કર્યા છે. આ સાથે જ્હોન સીનાએ અંબાણી પરિવારની આતિથ્યની પ્રશંસા કરી છે. પોતાની પોસ્ટમાં જ્હોન સીનાએ લખ્યું, 'તે ૨૪ કલાક શાનદાર રહ્યા. હું અંબાણી પરિવારની અજોડ હૂંફ અને આતિથ્ય માટે આભારી છું. આ અનુભવ ક્યારેય ભૂલવાનો નથી. આ સમય દરમિયાન મને અસંખ્ય મિત્રો સાથે જોડાવાનો મોકો મળ્યો. આમાં એ પણ સામેલ છે કે હું શાહરૂખ ખાનને મળ્યો અને તેને અંગત રીતે કહી શક્યો કે તેણે મારા જીવન પર કેટલી સકારાત્મક અસર કરી છે. અનંત-રાધિકાના શુભ આશીર્વાદ સમારોહમાં જોન સીના બ્લેક બ્લેઝરમાં જોવા મળ્યો હતો. શાહરુખ ખાન પણ શેરવાનીમાં ખૂબ જ સુંદર લાગી રહ્યો હતો. જ્હોન સીના અનંત-રાધિકાના લગ્નના સમારોહમાં બોલિવૂડ સેલેબ્સ સાથે જોરદાર ડાન્સ કરતો જોવા મળ્યો હતો. તેણે અનંત અંબાણી, અનિલ કપૂર અને રણવીર સિંહ સાથે માય નેમ ઈઝ લખન ગીત પર ડાન્સ પણ કર્યો હતો. તમને જણાવી દઈએ કે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના શુભ લગ્નમાં જ્હોન સીના પરંપરાગત લુકમાં જોવા મળ્યો હતો. તે સ્કાય બ્લુ કલરના બ્લેઝર અને સફેદ પેન્ટમાં જોવા મળ્યો હતો. કેમેરા માટે પોઝ આપતી વખતે, અભિનેતા હાથ જોડીને પ્રણામ કરતો જોવા મળ્યો હતો. જોન સીનાની આ તસવીરો ખુબ વાયરલ થઈ રહી છે.



### જ્યાં જાય ત્યાં પોતાના સિગ્નેચર પોઝ આપવાનું ભૂલતા નથી

## દીપિકા પાદુકોણે કોપી કર્યો ઓરીનો સિગ્નેચર પોઝ



દીપિકા પાદુકોણે કોપી કરેલ ઓરી સિગ્નેચર પોઝઃ બોલિવૂડ સેલેબ્સનો ફેવરિટ 'ઓરી' જ્યાં જાય ત્યાં પોતાના સિગ્નેચર પોઝ આપવાનું ભૂલતા નથી. પછી તે અંબાણી પરિવારનો કોઈ પ્રસંગ હોય કે અન્ય કોઈ કાર્યક્રમ. ઓરીના આ પોઝની સોશિયલ મીડિયા પર પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. હાલમાં જ ઓરી અનંત-રાધિકાના લગ્નમાં વ્યસ્ત હતી. કપલના લગ્નમાં ઓરીએ ઘણા બધા ફોટોગ્રાફ્સ લીધા અને વીડિયો બનાવ્યો, પરંતુ ઓરીનો આવો જ એક ફોટો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે, જે લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યો છે. વાસ્તવમાં અનંત-રાધિકાના લગ્નમાં ઘણી મોટી હસ્તીઓ આવી હતી. આખું બોલિવૂડ સદીના સૌથી મોંઘા લગ્નનું સાક્ષી બન્યું. સ્વાભાવિક છે કે આટલા મોટા ઈવેન્ટમાં અને આટલા બધા સ્ટાર્સની વચ્ચે ઓરીએ પોતાનો સિગ્નેચર પોઝ ન આપવો જોઈએ. હા, અનંત-રાધિકાના લગ્નના ઓરી કેના ફોટા સામે આવ્યા હતા, જેમાં તે સેલેબ્સ સાથે પોતાના સિગ્નેચર પોઝ આપતા જોવા મળ્યા હતા, પરંતુ જ્યારે વાત દીપિકા પાદુકોણની આવી તો એક્ટ્રેસે આખો મામલો બદલી નાખ્યો. અભિનેત્રીએ ઓરીના હસ્તાક્ષર પૃષ્ઠની નકલ કરી. હા, દીપિકા પાદુકોણે ઓરીના સિગ્નેચર પોઝની નકલ કરી અને તેની સાથે ફ્લોન્ટ કર્યું. વાયરલ ફોટોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે દીપિકા ઓરીની છાતી પર હાથ રાખીને ખૂબ જ ખૂની આંખો સાથે પોઝ આપી રહી છે. બંનેનો આ ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. નેટીઝન્સ પણ તેને ખૂબ એન્જોય કરી રહ્યા છે. વાયરલ ફોટો પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, વાહ, દીપિકાએ ઓરીની કોપી કરી. અન્ય એક યુઝરે લખ્યું કે દીપિકાએ ઓરીનો સિગ્નેચર પોઝ લીધો. ત્રીજા યુઝરે કહ્યું કે આને ટિટ ફોર ટેટ કહેવાય છે. વાયરલ ફોટો જોયા બાદ યુઝર્સ આવી કોમેન્ટ કરી રહ્યા છે અને દીપિકા અને ઓરી બંને ખુબ એન્જોય કરી રહ્યા છે.

# કેન્સર સામે લડી રહેલી હિના ખાને તેની માતાની હાલત વિશે જણાવ્યું

### લગભગ ૨ અઠવાડિયા પહેલા હિના ખાને તેના ફેન્સને એક એવા સમાચાર આપ્યા હતા

લગભગ ૨ અઠવાડિયા પહેલા હિના ખાને તેના ફેન્સને એક એવા સમાચાર આપ્યા હતા જેણે બધાને ચોંકાવી દીધા હતા. હિના ખાને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતા કહ્યું કે તે બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. અભિનેત્રી ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સરથી પીડિત છે, જેની સારવાર શરૂ થઈ ગઈ છે. ચાહકોને આ સમાચાર આપ્યા બાદ તેણે પોતાના વાળ પણ જાતે જ કાપી લીધા હતા. હિનાની કીમોથેરાપી પણ શરૂ થઈ ગઈ છે અને સારવાર શરૂ થતાં જ અભિનેત્રીએ આ પગલું ભરવાનું નક્કી કર્યું. કેન્સર ત્રીજા સ્ટેજમાં હોવાના સમાચાર મળ્યા બાદ પણ હિનાએ હિંમત હારી નથી અને તે ઝડપથી સાજા થવાની આશા રાખી રહી છે. આ દરમિયાન હિનાએ તેની માતા સાથેની કેટલીક તસવીરો શેર કરી છે, જેની સાથે તેણે જણાવ્યું કે આ તે દિવસની તસવીરો છે જ્યારે તેને તેની માતાને કેન્સર હોવાની જાણ કરી હતી. આ તસવીરોમાં હિના તેની માતાની પાસે બેઠેલી જોઈ શકાય છે, કેટલીક જગ્યાએ તેની માતા તેને ગળે લગાવી રહી છે તો કેટલીક જગ્યાએ બંને એકબીજાને ભાવુક થઈને જોઈ રહ્યાં છે. આ પોસ્ટમાં હિના ખાને માતાની શક્તિઓ વિશે જણાવ્યું છે. હિનાએ પોતાની પોસ્ટમાં જણાવ્યું કે ગમે તે સંજોગો હોય, એક માતા હંમેશા તેના બાળક માટે તૈયાર હોય છે, ભલે તે પોતે ગમે તેટલી પીડામાં હોય, તે ક્યારેય તેના બાળકોને તેમની શક્તિ ગુમાવવા દેતી નથી.

### એક તરફ તેની સારવાર આગળ વધી અને બીજી તરફ તે એક પછી એક કામ હાથ પર લઈ રહી છે

હિનાએ પોતાના ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે તે કઈ રીતે કામ કરે છે, તેની ટીમ કઈ રીતે તેના ઘાવ છૂપાવે છે અને તે વિગ પહેરે છે તે અંગે વાત કરી હતી. તેણે લખ્યું, "શો મસ્ટ ગો ઓન." હિનાએ વીડિયો સાથે લખ્યું, "મારા નિદાન પછીનું મારું પહેલું કામ પચાલતાં ચાલતાં બોલવું અઘરું પડે છે, ખાસ કરીને જ્યારે તમે જીવનના સૌથી મોટા પડકારનો સામનો કરતાં હોય ત્યારે.
તો તમારી જાતને ખરાબ દિવસ હોય ત્યારે વિરામ આપો, એટલું ચાલે.તમારો અધિકાર છે. પરંતુ જ્યારે સારા દિવસો હોય ત્યારે તમારા જીવનની મજા માણવાનું ભૂલશો નહીં.



ઈન્સ્ટાગ્રામ પર આ તસવીરો શેર કરતી વખતે હિના ખાને લખ્યું, 'માતાનું હૃદય તેના બાળકોને આશ્રય, પ્રેમ અને આરામ આપવા માટે દુઃખ અને દર્દના મહાસાગરને ગળી શકે છે. તે દિવસે તેને મારા કેન્સરના સમાચાર મળ્યા, તેને જે આઘાત લાગ્યો તે સમજની બહાર હતો, પરંતુ તેણે મને સંભાળવાનો અને તેની પીડાને ભૂલી જવાનો માર્ગ શોધી કાઢ્યો. એક મહાસત્તા જેમાં માતાઓ હંમેશા અગ્રેસર હોય છે. ભલે તેની દુનિયા તૂટી રહી હતી, તેમ છતાં તેણે મને તેના હાથમાં આશ્રય આપવા અને મને શક્તિ આપવાનો માર્ગ શોધી કાઢ્યો.'

# જયમાળા દરમિયાન એક ખાસ પળ કેમેરામાં કેદ

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનાં લગ્નમાં ખેલાડીઓ, બોલિવૂડ હસ્તીઓ સાથે અનેક મોટાં માણસોએ હાજરી આપી હતી. અંબાણી પરિવાર માટે આ દિવસ ખાસ હતો. શુભ આશીર્વાદ અને મંગળ ઉત્સવ પર પણ સેલેબ્સે ખૂબ ધૂમ મચાવી હતી. હવે કપલનાં જયમાળાની તસવીર સામે આવી છે. આ તસવીર સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે.અનંત અને રાધિકાનાં લગ્ન પછી બીજા દિવસે શુભ આશીર્વાદ અને ત્રીજા દિવસે મંગળ ઉત્સવ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફંક્શનમાં અનેક મોટી હસ્તીઓએ હાજરી આપી હતી. આ ખાસ દિવસે પીએમ નરેન્દ્ર મોદીએ પણ વર વધૂને આશીર્વાદ આપ્યાં હતા. આ ફંક્શનની તસવીરો અને વીડિયો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહ્યાં છે. કપલનાં જયમાળાની તસવીર ધડાધડ ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. આમ, તમને જણાવી દઈએ કે અનંત-રાધિકાનાં લગ્નનાં દિવસની આ તસવીર ફેમસ વેડિંગ ફોટોગ્રાફર જોસેફ રાધિકાએ શેર કરી છે. જયમાળા દરમિયાન એક ખાસ પળને કેમેરામાં કેદ કરી લીધી છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનાં લગ્નની આ એક શાનદાર તસવીર છે જેને લોકોનું દિલ જીતી લીધું છે.અનંત અને રાધિકાનાં ફંક્શનની તસવીરો અને વીડિયો એકથી એક મસ્ત હોય છે. આ વચ્ચે કપલની આ તસવીર જોઈને તમે નજર નહીં હટાવી શકો. જયમાલા દરમિયાન આ તસવીરમાં અનંત અને રાધિકા એકબીજાની આંખોમાં ખોવાયેલા જોવા મળ્યાં. આ ફોટા તમે જોઈ શકો છો કે બન્ને એકબીજામાં ખોવાઈ ગયા છે અને મસ્ત સ્માઈલ આપીને એકબીજાની આંખો સામે જોઈ રહ્યાં છે. આ ક્યૂટ નખરા જોઈને તમે પણ ઈમ્પ્રેસ થઈ જશો.



## ક્યારે ને ક્યાં રિલીઝ થશે તાપસીની 'ફિર આઇ હસીન દિલરૂબા'




તાપસી પન્નૂ વર્ષ ૨૦૨૧માં ઓટીટી પ્લેટફોર્મ નેટફિલક્સ પર એક ફિલ્મ લાવી હતી, જેનું નામ હસીન દિલરૂબા હતું. આ એક રૉમેન્ટિક થ્રિલર ફિલ્મ હતી, જેની સ્ટૉરીએ દરેકનું દિલ જીતી લીધું હતું. આ ફિલ્મમાં તાપસી પન્નૂ ઉપરાંત વિક્રાંત મેસી અને હર્ષવર્ધન રાણે પણ મહત્વની ભૂમિકામાં જોવા મળ્યા હતા. ફિલ્મની સ્ટૉરી એક એવી પત્નીની છે જેના પતિની હત્યાની શંકા વધુ ઘેરી બને છે. હવે મેકર્સ આ ફિલ્મનો બીજો ભાગ રિલીઝ કરવા જઈ રહ્યા છે, જેની રિલીઝ ડેટ પણ જાહેર થઈ ગઈ છે. હવે તાપસી પન્નૂ ફરીથી સુંદર દિલરૂબાના રૂપમાં પરત ફરવા જઈ રહી છે. આ ફિલ્મ નેટફિલક્સ પર રિલીઝ થવા જઈ રહી છે, જેની રિલીઝ ડેટ મેકર્સ દ્વારા જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મની જાહેરાત મેકર્સ દ્વારા થોડા સમય પહેલા નાના ટીઝર દ્વારા કરવામાં આવી હતી. ત્યારથી ચાહકો આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થવાની રાહ જોઈ રહ્યા હતા. હવે મેકર્સે રિલીઝ ડેટ માટે પણ એક શાનદાર ટીઝર રિલીઝ કર્યું છે, જે ખૂબ જ રોમાંચક છે. ટીઝરની શરૂઆત ઋષિ કપૂરની ફિલ્મ કર્ઝના ગીત ઈસ હસીના થી, ઈક દીવાના થાથી થાય છે. પછી તાપસી પન્નૂના પુસ્તક સાથે એક ફોટો દેખાય છે અને અવાજ આવે છે કે '૯ ઓગસ્ટે લોહી ટપકશે, ખૂની ચોમાસું આવશે'. આ પછી, વિક્રાંત મેસી પ્રવેશે છે અને પુસ્તક પર લખેલું છે, '૯મી ઓગસ્ટની સુંદર રાત દિલરૂબા સાથે'. આ વખતે ફિલ્મમાં વિકી કૌશલનો ભાઈ સની કૌશલ પણ જોવા મળી રહ્યો છે. તેની એન્ટ્રીની સાથે જ પુસ્તક પર લખ્યું છે કે, '૯ ઓગસ્ટે દિલ પીગળી જશે, ઈશ્ક કા જહર નિગલેંગે'. પછી વૉઈસઓવર ચાલુ રહે છે, 'હસીન દિલરૂબા ફરીથી બધાને પ્રેમનો પાઠ ભણાવવા માટે ૯મી ઓગસ્ટના રોજ માત્ર નેટફિલક્સ પર આવી છે'. આ ફિલ્મના પહેલા ભાગમાં તાપસી પન્નૂ રાનીની ભૂમિકામાં છે અને વિક્રાંત મેસી તેના પતિ તરીકે ઋષભ સક્સેનાની ભૂમિકામાં છે. હસીન દિલરૂબાનું નિર્દેશન વિની મેથ્યૂ દ્વારા કરવામાં આવ્યું છે અને કનિકા ધિલ્લોન દ્વારા લખવામાં આવી છે. આ સિવાય જો આપણે તાપસીના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો તે આગામી સમયમાં તેની કૉમેડી ડ્રામા ફિલ્મ વો લડકી હૈ કહાંમાં જોવા મળશે. ફિલ્મમાં તેની સાથે પ્રતીક બબ્બર અને પ્રતીક ગાંધી પણ જોવા મળશે. આ ફિલ્મ અરશદ સૈયદે લખી છે અને નિર્દેશિત કરી છે.

# બલવંતસિંહ રાજપૂતના હસ્તે વિવિધ નેશનલ કક્ષાની સ્પર્ધાઓમાં વિજેતા યુવાનોને મેડલ, ચેક અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા



। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા તા. ૧૫ જુલાઈને ''વર્લ્ડ યુથ સ્કીલ ડે'' -વિશ્વ યુવા કૌશલ્ય દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. વર્ષ ૨૦૨૪ના વિશ્વ યુવા કૌશલ્ય દિવસની થીમ ''શાંતિ અને વિકાસ માટે યુવા કૌશલ્ય'' છે કે જે શાંતિ નિર્માણ અને સંઘર્ષના નિરાકરણમાં યુવાનોની નિર્ણાયક ભૂમિકા દર્શાવે છે.





વર્લ્ડ સ્કીલ એસોસિયેશન દ્વારા વર્લ્ડ સ્કીલ સ્પર્ધાનું દર બે વર્ષે આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજન થાય છે. જે અનુસંધાને રાજયના યુવાઓમાં કૌશલ્ય શિક્ષણ પ્રત્યે અભિગમ કેળવાય અને રૂચિ વધે તે માટે કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રિ ઓફ સ્કીલ ડેવલોપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશીપ મંત્રાલય હસ્તકના નેશનલ સ્કીલ ડેવલેપમેન્ટ કોર્પોરેશન (NSDC), દિલ્હી અને ઈન્ડસ્ટ્રીઝ પાર્ટનરના સહયોગથી રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન(જી.એસ.ડી.એમ.) દ્વારા એન.એસ.ડી.સી.ની ગાઈડલાઈન મુજબ ઈન્ડિયા સ્કીલ સ્પર્ધા-૨૦૨૪નું ગુજરાત રાજ્યમાં જિલ્લા લેવલ, ઝોન લેવલ અને રાજ્ય લેવલ એમ ત્રણ લેવલમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય કક્ષાનાં ૨૩ પસંદગી પામેલ ઉમેદવારો કે જેઓ નેશનલ કક્ષાએ દિલ્હી, કર્ણાટક અને ગુજરાત ખાતે યોજાયેલ અલગ અલગ સ્કીલ સ્પર્ધામાં સહભાગી થયા હતા. જેમાં રાજ્ય કક્ષામાં ગુજરાતના ૦૨ સ્પર્ધકોને ગોલ્ડ મેડલ, ૦૨ સ્પર્ધકોને સીલ્વર મેડલ, ૦૨ સ્પર્ધકને બ્રોન્ઝ મેડલ તેમજ ૦૭ સ્પર્ધકોને મેડલ ઓફ એક્સેલન્સ એમ કુલ ૧૩ સ્પર્ધકોએ મેડલ પ્રાપ્ત કર્યો છે. આજે રાજ્યકક્ષાના ૨૩ વિજેતા ઉમેદવારોને શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે ચેક અને પ્રમાણપત્ર તથા ૧૨ ઉમેદવારો કે જે નેશનલ કક્ષાનાં વિજેતાઓને મેડલ અને પ્રમાણપ્રત્ર વિતરણ કર્યા. આ પ્રસંગે શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી, શ્રીમતી અંજુ શર્મા, નિયામકશ્રી, કૌશલ્ય વિકાસ તથા શ્રમ આયુકતશ્રી, અનુપમ આનંદ, નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, સુશ્રી ગાર્ગી જૈન તથા શ્રમ અને રોજગાર વિભાગના અધિકારીશ્રી/કર્મચારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૭ થી ૨૫ જુલાઈ સુધી સાબરમતી-દોલતપુર ચોક એક્સપ્રેસ સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં

। અમદાવાદ, તા.૧૬ ।

પશ્ચિમ રેલવે ના અમદાવાદ ડિવિઝન પર અમદાવાદ-પાલનપુર સેક્શનના કામલી-સિદ્ધપુર-ધારેવાડા સ્ટેશનો વચ્ચે ડબલ લાઈનના કામને કારણે સાબરમતી-દોલતપુર ચોક એક્સપ્રેસ ટ્રેન સિદ્ધપુર સ્ટેશન પર ઊભી રહેશે નહીં. જેની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નંબર ૧૯૪૧૧/૧૯૪૧૨ સાબરમતી-દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ ૧૭ જુલાઈ ૨૦૨૪ થી ૨૫ જુલાઈ ૨૦૨૪ સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

સ્ટોપેજ, રૂટ અને ટ્રેનની રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરી તમે www.enquiry.indianrail.gov.in પર જઈને ચેક કરી શકો છો.

# ડાંગ જિલ્લાની દીપ દર્શન શાળામાં 'કેપ્ટન સમારોહ'ની ઉજવણી કરાઇ



। (માહિતી) ડાંગ, તા.૧૬ ।

વિદ્યાર્થીઓમાં બાળપણથી જ નેતૃત્વના ગુણો વિકસે તથા ભાવી નેતાઓ આગળ આવે તે માટે દીપ દર્શન ઈંગ્લીશ મીડીયમ શાળાના આચાર્યા સુશ્રી સિસ્ટર મનિષા ગામિતના માર્ગદર્શન હેઠળ ગત તારીખ ૯ જુલાઈ ૨૦૨૪નાં રોજ શાળામાં 'કેપ્ટન સમારોહ' ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળામાં 'કેપ્ટન સમારોહ' ની ઉજવણી પ્રસંગે કાર્યક્રમના મુખ્ય મહેમાન તેમજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા આહવા ગ્રામ પંચાયતના ઉપ સરપંચ શ્રી હરીરામભાઈ સાંવત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી હરીરામભાઈ સાંવતે વિદ્યાર્થીઓને પ્રસંગ અનુરૂપ પ્રવચન આપી ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને અન્ય કારકિર્દીની સાથે ભાવી નેતા બનવા આહવાન કર્યું હતું. 'કેપ્ટન સમારોહ' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ક્લાસ કેપ્ટનો તથા ગ્રુપ કેપ્ટનોની નિમણુંક કરી શપથ ગ્રહણ કરવામાં આવ્યાં હતાં. આ સાથે જ શાળામાં હેડબોય અને હેડગર્લની પણ નિમણુંક કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રના ત્રણ જળાશયો વાગડીયા, વાંસલ અને સસોઈ-૨ સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ

# ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર ડેમમાં ૫૨%થી વધુ જ્યારે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩૪%થી વધુ જળસંગ્રહ



। (માહિતી) ગાંધીનગર, તા.૧૬ ।

રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૨ ટકાને પાર કરી ગયો છે. સરદાર સરોવરમાં હાલમાં ૧,૭૫,૬૬૨ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૨.૫૮ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૧,૯૧,૬૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૪.૨૧ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ, જળ સંપતિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા અનારાધાર વરસાદના પરિણામે ત્રણ જળાશયો સંપૂર્ણ છલકાયા છે. જેમાં જામનગર જિલ્લાનો વાગડીયા અને સસોઈ-૨ ડેમ તથા સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ ડેમ ૧૦૦ ટકા ભરાતા હાઈ એલર્ટ અપાયું છે. આ સિવાય રાજ્યના પાંચ ડેમ ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ પર છે જેમાં જૂનાગઢના ઓઝત-૨ અને બાંટવા-ખારો ડેમ, મોરબીના ગોડાધ્રોઈ, રાજકોટના ભાદર-૨ તથા ભરૂચના ધોલી ડેમને એલર્ટ અપાયું છે. રાજ્યના કુલ સાત જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ભરાતા વોર્નીંગ આપવામાં આવી છે જેમાં જામનગર જિલ્લાના ફુલઝર-૧, સુરેન્દ્રનગરના ધોળીધજા, ભરૂચના બલદેવા, કચ્છના કાલાઘોઘા, પોરબંદરના સારણ, રાજકોટના આજી-૨ તથા જામનગરના ફુલઝર(કે.બી.) ડેમનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૨૫.૪૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૩૭.૨૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૭.૭૮ ટકા, કચ્છના ૨૦માં ૨૨.૬૭ ટકા, જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૭.૭૫ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે એટલેકે, વર્ષ ૨૦૨૩માં આજના દિવસે ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૬૦.૧૪ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૩૩.૬૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૪૦.૬૬ ટકા, કચ્છના ૨૦માં ૬૩.૮૫ ટકા, જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૨.૩૨ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો હતો. તેમ,જળ સંપતિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# રાજયમાં પ્રથમવાર યુ-ટયુબના માધ્યમથી છાત્રાલયોમાં પ્રવેશ માટેનું ઓનલાઈન મેરીટ પ્રસિધ્ધ કરતા મંત્રી ભાનુબેન બાબરીયા



। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

રાજય સરકારે તમામ જાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે અને ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે રાજયમાં સરકારી છાત્રાલયો શરૂ કરાવવામાં આવ્યા છે. આ છાત્રાલયોમાં ધો-૧૧ થી લઈ પી.એચ.ડી સુધીના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની ઉત્તમ સુવિધાઓ અને સગવડો સાથે પ્રવેશ આપવામાં આવે છે. તે અંતર્ગત આજે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ ૧૫૮ સરકારી અને સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપાવ્યો હતો. રાજ્યમાં પ્રથમવાર અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ રાજ્યકક્ષા મંત્રીશ્રી ભીખુભાઈ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં યુ-ટયુબ દ્વારા લાઈવ ઓનલાઈન મેરીટ પ્રસિદ્ધ કરી ૧૫૮ સરકારી અને સમરસ છાત્રાલયોમાં ૧૯,૭૪૪ વિદ્યાર્થીઓને સરકારી અને સમરસ છાત્રાલયોમાં પ્રવેશ અપાવ્યો હતો. જેમાં અમદાવાદ ખાતેના સમરસ છાત્રાલયમાં ૧૮૨૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ મેરીટ પ્રસિદ્ધિ થયા બાદ મેરીટમાં આવનાર અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળ ૭૮ કુમાર-કન્યા છાત્રાલયોના ૧૮૪૧ રિન્યુઅલ વિદ્યાર્થીઓ અને ૨૪૯૧ નવા વિદ્યાર્થીઓ, વિકસતી જાતિ કલ્યાણ હેઠળ ૫૯ કુમાર-કન્યા છાત્રાલયોના ૮૯૫ રિન્યુઅલ વિદ્યાર્થીઓ અને ૨૨૩૩ નવા વિદ્યાર્થીઓ તેમજ સમરસ છાત્રાલય સોસાયટી હેઠળના ૨૧ કુમાર-કન્યા છાત્રાલયોના ૪૬૩૬ રિન્યુઅલ વિદ્યાર્થીઓ અને ૭૬૪૮ નવા વિદ્યાર્થીઓ ને જરૂરી દસ્તાવેજોનુ વેરિફિકેશન કરી વર્ષ ૨૦૨૪-૨૫ માટે છાત્રાલયોમાં પ્રવેશ આપવામાં આવશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની વિવિધ સરકારી છાત્રાલયો તેમજ સમરસ છાત્રાલયોમાં પ્રવેશ માટે ઓનલાઈન વિદ્યાર્થીઓની અરજીઓ મંગાવવામાં આવી હતી.

આ અરજીઓની ચકાસણી થયા બાદ મેરીટ આધારે પ્રવેશ આપવામાં આવે છે પરંતુ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે તે માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, વિકસતી જાતિ અને બિન અનામત વર્ગોના વિદ્યાર્થીઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની ૧૫૮ સરકારી અને સમરસ છાત્રાલયોમાં પ્રથમવાર ઓનલાઈન યુ-ટયુબ પર લાઈવ પ્રસારણ કરી મેરીટ આધારે પ્રવેશ આપવાનો સંપુર્ણ પારદર્શક નિર્ણય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ કર્યો હતો. જેનાથી વિદ્યાર્થીઓ પારદર્શક રીતે કેટેગરી વાઈઝ મેરીટ જોઈ પ્રવેશ મેળવી શકશે. આ ઓનલાઈન કાર્યક્રમમાં રાજયકક્ષાના મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર, સામાજિક ન્યાય અને અધિકારીતા, અન્ન અને નાગરિક પુરવઠા તેમજ અધિક મુખ્ય સચિવશ્રી, ખાતાના વડાશ્રીઓ અને અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

# લેડી ગવર્નર દર્શનાદેવીજીના જન્મદિવસે રાજભવન પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન



। (માહિતી) ગાંધીનગર, તા.૧૬ ।

લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજીના જન્મદિવસે રાજભવન પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પ દરમિયાન ૬૦૫ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તમામ રક્તદાતાઓનો આભાર માન્યો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રક્તદાન કેમ્પ દરમિયાન રક્તદાન કરનાર રક્તદાતાઓને સંબોધતાં કહ્યું કે, પરિવારમાં જન્મદિવસ કે અન્ય શુભ પ્રસંગોએ પરિવારજનો દ્વારા સમાજોપયોગી કાર્યો થાય એ પ્રેરણાદાયી છે. રક્ત કૃત્રિમ રીતે ફેક્ટરીમાં બનાવી શકાતું નથી, રક્તદાનથી જ એક માનવી અન્ય માનવની અમૂલ્ય મદદ કરી શકે છે. લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજીના જન્મદિવસ નિમિત્તે રાજભવનમાં આયોજિત રક્તદાન કેમ્પ દરમિયાન ભારતીય વાયુસેના, કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ, પોલીસ અને હોમગાર્ડના જવાનો, એનસીસી અને એનએસએસના સ્ટુડન્ટ્સ, ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, મેડિકલ સ્ટુડન્ટ્સ અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.

# આદિત્ય ગઢવી અને ફાલ્ગુની પાઠક 'રંગારા' માટે હાથ મિલાવ્યા : એક ગુજરાતી સાંસ્કૃતિક સિદ્ધિ

। અમદાવાદ, તા.૧૬ ।

હાલો રે હાલો! ગુજરાતના રંગારા આવ્યા છે! ''ખલાસી''ની સફળતા પર ભારે મદાર રાખતા આદિત્ય ગઢવી, લેખત સૌમ્યા જોષી અને સંગીત દિગ્દર્શક અચિંત ઠક્કર ફરી એક વખત ''રંગારા'' માટે એકત્રિત થયા છે, જે ગુજરાતી સંસ્કૃતિ અને કલાની ગતિશીલ ઉજવણી છે. તેમાં વધુ ભવ્યતા ઉમેરવા માટે મહાન ફાલ્ગુની પાઠકે પણ આ સાંસ્કૃતિક પાવરહાઉસમાં હાથ મિલાવ્યા છે.




ગુજરાતના સમૃદ્ધ વારસમાં ઊંડાણપૂર્વક ડૂબેલા આદિત્ય ગઢવી જુસ્સાપૂર્વક માને છે કે 'પ્રાદેશિક એ નવું વિશ્વ છે'. ''હું જોઈ રહ્યો છું કે આપણું સંગીત આપણા લોકોનો અગાઉના ગીત ગોતીલોની જેમ જ ફક્ત ગુજરાતમાં જ નહી પરંતુ વૈશ્વિક સ્તરે પણ પડઘો પાડે છે. લોકો તેમની પોતાની જિંદગી અને પોતાની સંસ્કૃતિ ચાહે સંગીત, મુવી કે સિરીયલ્સ અથવા ઓટીટી મારફતે જોઈ શકે છે. જ્યારે તેમના ઘરને દર્શાવવામાં આવશે તેયારે તેમને ગમશે,'' એમ ગઢવીએ જણાવ્યું હતું. અમારો 'રંગારા' માટેનો સહયોગ સંગીતના રચના કરતા પર છે; તે ગુજરાતના સાંસ્કૃતિક ટેપેસ્ટ્રીની હૃદયસ્પર્શી યાદગીરી છે. ગઢવીએ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, ''ફક્ત પ્રાદેશિક કન્ટેન્ટ જ સંબંધિત તેવુ નથી, પરંતુ તે સંસ્કૃતિની શક્તિશાળી રજૂઆત છે. વિશ્વ પ્રાદેશિક હાવભાવોની સુંદરતા અને ઉંડાણને છાતીસરસા રાખવા માટે તૈયાર છે.''

દાંડીયા ક્વીન ફાલ્ગુની પાઠક સાથેના સહયોગ પર આદિત્યએ જણાવ્યું હતુ કે,''એ ખરેખર સારુ લાગે છે અને મારે ઘણા લાંબા સમયથી તેમની સાથે કામ કરવુ હતું. અમે તેમના ગીતો વર્ષોથી સાંભળ્યા છે, નવરાત્રિ દરમિયાન તેમના વિખ્યાત ગરબા ગીતો પણ સાંભળ્યા છે અને જોયા છે. અને આજે સાપ્રથમ વખત મને તેમની સાથે ગાવાની તક પ્રાપ્ત થઈ છે.''

અચિંત ઠક્કર અને સૌમ્યા જોષી સાથે જોડાતા ગઢવીએ જણાવ્યું હતુ કે, ''અમે જ્યારે પણ એકત્રિત થયા છીએ, ત્યારે તે અમારા અનહદ આનંદનો પ્રસંગ બન્યો છે. જ્યારે સર્જનાત્મકતાના કોઈ સ્વરૂપની વાત આવે છે ત્યારે જો તમારી સાથે તાલ મિલાવતા એવા લોકોને શોધો છો જેમના તરંગ તમારો પડઘો પાડે છે, ત્યારે અમારા કલાકાર માટે તેને શ્રેષ્ઠ આશિર્વાદ માનવામાં આવે છે.''

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જીવનમાં જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજથી ધૂમ્રપાન છોડો જો તમને પણ એ કુટેવ હોયતો કેમ કે એનાથી તમે શારીરિક રીતે અસ્વસ્થ રહેશો. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. મિત્રો સાથે સાંજ અથવા શૉપિંગ આનંદદાયક તથા ઉત્સાહજનક રહેશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**સિંહ (મ,ટ) :**
આજે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. મિત્રો તમારા પર વખણની વર્ષા કરશે કેમ કે તમે મુશ્કેલ કાર્ય પૂરૂં કરી શક્યા છો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્ય સારૂં રહેશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈઓ પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ.

**તુલા (ર,ત) :**
આજે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું। પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠ લોકો તરફથી થોડુ દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે.

**મકર (ખ,જ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈઓ મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવાની પુરી શક્યતા છે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સવાર કરેલ ધ્યાન આખા દિવસમાં માનસિક રાહત લાવશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા.

## ન્યુઝ બોક્ષ

### સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી આપનાર યુટ્યુબરને મળી રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અભિનેતા સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ધરપકડ કરાયેલ યુટ્યુબરને જામીન મળી ગયા છે. મુંબઈની એસ્પ્લેનેડ મેજિસ્ટ્રેટ કોર્ટે સોમવારે યુટ્યુબરને જામીન આપ્યા હતા. અભિનેતાને જાનથી મારી નાખવાની ધમકી આપવાના અને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ સાથેના તેના સંબંધો વિશે બડાઈ મારવાના આરોપમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.યુટ્યુબર સામે ગુનાહિત ધાકધમકી અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ૧૨ જૂનના રોજ, પોલીસે રાજસ્થાનના રહેવાસી બનવારીલાલ લતુરલાલ ગુજ્જર સામે એફઆઈઆર નોંધી હતી, જેમાં તેણે બિશ્નોઈ સાથે સંબંધ હોવાનો દાવો કર્યો હોવાનો એક વીડિયો વાયરલ થયો હતો.પોલીસે કહ્યું હતું કે ગુર્જરે તેની યુટ્યુબ ચેનલ પર અપલોડ કરેલા એક વીડિયોમાં ખાનની હત્યા અને લોરેન્સ બિશ્નોઈ, ગોલ્ડ બ્રાર અને અન્ય ગેંગસ્ટરો સાથે તેના સંબંધો હોવાની વાત કરી હતી. જો કે, જ્યારે પોલીસે ગુર્જરને ઝડપી લીધો અને તેની પૂછપરછ કરી, ત્યારે તેઓને જાણવા મળ્યું કે તેનો બિશ્નોઈ ગેંગ સાથે કોઈ સંબંધ નથી અને તેણે લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે ઊંચા દાવાઓ કરીને સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કર્યો હતો.વકીલ ફૈઝ મર્ચન્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી તેની જામીન અરજીમાં, ગુર્જરે દાવો કર્યો હતો કે તેને "કોઈપણ યોગ્ય કે નક્કર સામગ્રી વિના કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે" અને તેના વીડિયો માત્ર મનોરંજન અને ખ્યાતિ મેળવવાના હેતુથી બનાવવામાં આવ્યા હતા.ગુર્જરની અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વીડિયોની નકલ હૈઈમાં છે અને તેમાં ક્યાંય પણ અરજદારે એવું નથી કહ્યું કે તે સલમાન ખાનને મારવા જઈ રહ્યો છે.

### મુખ્તારના પુત્રની અરજી પર જીજએ કહ્યું,

# 'અમે તેને કોઈ પણ સંજોગોમાં પરત લાવી શકીએ નહીં...'

**ઓમરની અરજીમાં બાંદા જેલમાં બંધ તેના પિતાની સુરક્ષાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સોમવારે સુપ્રીમ કોર્ટમાં મુખ્તાર અંસારીના પુત્ર ઓમર અંસારીની અરજી પર સુનાવણી થઈ હતી. આ અરજીમાં તેણે પિતા જેલમાં હતા ત્યારે તેમની સુરક્ષાને લઈને સવાલો ઉઠાવ્યા છે. તેમની અરજી પર સુપ્રીમ કોર્ટમાં હૃષિકેશ રોય અને એસવીએન ભાટીની ખંડપીઠે સુનાવણી કરી હતી.વાસ્તવમાં સોમવારે મુખ્તારના પુત્રએ કોર્ટ સમક્ષ કહ્યું હતું કે તેના પિતાને આપવામાં આવતા ભોજનમાં ઝેર હતું. આ સિવાય ધરપકડ દરમિયાન જેલમાં તેનું મેડિકલ ચેકઅપ પણ કરવામાં આવ્યું ન હતું. જેના કારણે તેનું (મુખ્તાર અંસારી) ૨૮ માર્ચે બાંદા હોસ્પિટલમાં હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું.આ કેસની સુનાવણી દરમિયાન ઓમર અંસારીના વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે અમે લોકો જેના પર શંકા કરી રહ્યા હતા. આખરે એવું જ થયું. આ કેસની સુનાવણી કરતી બેન્ચે સિબ્બલને કહ્યું કે તમે સારી રીતે જાણો છો કે અમે તેમને કોઈપણ સંજોગોમાં પાછા લાવી શકીએ નહીં.આ પછી સિબ્બલે કહ્યું કે આ દેશમાં લોકો સાથે આવો વ્યવહાર ન થઈ શકે અને દેશમાં કોઈની સાથે આવું વર્તન કરવું યોગ્ય નથી. સિબ્બલે વધુમાં કહ્યું કે અરજદારે આરોપ લગાવ્યો છે કે તેના પિતાને જેલમાં ભોજનની સાથે ઝેર આપવામાં આવી રહ્યું છે.બેન્ચે આ કેસની સુનાવણી કરતી વખતે એક નોટિસ જારી કરી છે, જેમાં તેણે કહ્યું છે કે ઉત્તર પ્રદેશ સરકાર વતી કોર્ટમાં હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નટરાજ આ અંગે જવાબ દાખલ કરી શકે છે. તેને જવાબ આપવા માટે ચાર અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો છે.અગાઉ, ૧૬ જાન્યુઆરીએ અરજીની સુનાવણી કરતી વખતે, સર્વોચ્ચ અદાલતે રાજ્ય સત્તાવાળાઓને તમામ સુરક્ષા વ્યવસ્થા ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો. જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે મુખ્તાર અંસારીની સુરક્ષામાં કોઈ ખામી ન રહી જાય.

### પોલીસે મોહરમ પર સાવચેતીના પગલાં લીધા

## રાજા ભૈયાના પિતાને ત્રણ દિવસ માટે નજરકેદ

। (એજન્સી) પ્રતાપગઢ, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં બાહુબલી ધારાસભ્ય રાજા ભૈયાના પિતા ઉદય પ્રતાપ સિંહને ફરી એકવાર નજરકેદ કરવામાં આવ્યા છે. દર વખતની જેમ આ વખતે પણ રાજા ભૈયાના પિતા ઉદય પ્રતાપ સિંહને પોલીસે નજરકેદ કરી દીધા છે. તમને જણાવી દઈએ કે મોહરમના અવસર પર પિતાના વિરોધને કારણે રાજા ભૈયાને નજરકેદ કરવામાં આવ્યા છે. મોહરમનો તહેવાર સુરક્ષિત રીતે પૂર્ણ થાય તે માટે સ્થાનિક વહીવટીતંત્રે તેમને ત્રણ દિવસ માટે ભદ્રી મહેલમાં નજરકેદ કરી દીધા છે.ઉદય પ્રતાપ સિંહ કુંડામાં પ્રયાગરાજ-લખનૌ હાઈવેના શેષપુર ગામમાં મોહરમના દસમા દિવસે રસ્તો રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેના કારણે પ્રશાસને ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવીને મોહર્રમના જુલુસનું આયોજન કરવું પડે છે. કાયદો અને વ્યવસ્થા બગડે નહીં તેની તકેદારી તરીકે ઉદય પ્રતાપ સિંહને નજરકેદ કરવામાં આવ્યા છે.તમને જણાવી દઈએ કે રાજા ભૈયાના પિતાને અગાઉ પણ મોહર્રમ જેવા સંવેદનશીલ અવસર પર નજરકેદ કરવામાં આવ્યા હતા કારણ કે તેમણે વિરોધ કર્યો હતો. રાજા ભૈયા અને તેમના પિતા વચ્ચેના વિરોધાભાસ જેવી બાબતો પણ પ્રકાશમાં આવી છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં ઉદય પ્રતાપ સિંહે પણ રાજા ભૈયા અને તેમની પત્ની ભાનવી સિંહ વચ્ચેના વિવાદ મામલે નિવેદન આપ્યું હતું. ભાનવી સિંહ સાથેના વિવાદ વચ્ચે ઉદય પ્રતાપ સિંહે ટ્વટ કરીને રાજા ભૈયાને પણ આડે હાથ લીધા હતા.

### જજે ટ્રમ્પ વિરુદ્ધ ગુપ્ત દસ્તાવેજોના કેસને ફગાવી દીધો

। (એજન્સી) અમેરિકન, તા.૧૬ ।

એક અમેરિકન ન્યાયાધીશે સોમવારે ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ગેરકાયદેસર રીતે વર્ગીકૃત દસ્તાવેજો રાખવાનો આરોપ મૂકતા ફોજદારી કેસને ફગાવી દીધો હતો. રિપબ્લિકન ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિની ચૂંટણી લડી રહેલા ટ્રમ્પ માટે આને મોટી કાનૂની જીત તરીકે જોવામાં આવી રહી છે. ફ્લોરિડામાં ડિસ્ટ્રિક્ટ જજ ઈલીન કેનન, જેમની નિમણૂક ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી, તેમણે ચુકાદો આપ્યો હતો કે સ્પેશિયલ કાઉન્સેલ જેક સ્મિથ, જેઓ પ્રોસિક્યુશનનું નેતૃત્વ કરી રહ્યા છે, તેમની ભૂમિકા માટે ગેરકાયદેસર રીતે નિમણૂક કરવામાં આવી હતી.

### કર્ણાટક વિધાનસભામાં AI કેમેરા લગાવાયા

# ગૃહમાં ધારાસભ્યોની હાજરી પર નજર રાખવામાં આવશે

**કોલાર ગોલ્ડ ફિલ્ડ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય રૂપકલા શશિધર પ્રથમ ધારાસભ્ય છે**



। (એજન્સી) કર્ણાટક, તા.૧૬ ।

કર્ણાટક વિધાનસભામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-સક્ષમ કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે જે તમામ સભ્યોના આગમન અને પ્રસ્થાનનો સમય તેમજ ગૃહમાં તેમની હાજરીનો સમયગાળો રેકોર્ડ કરશે.કોલાર ગોલ્ડ ફિલ્ડ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય રૂપકલા શશિધર પ્રથમ ધારાસભ્ય છે જેમને ચોમાસુ સત્ર માટે ગૃહમાં આવતા સમયે આ કેમેરા દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યા છે.

બહાર નીકળતી વખતે આ કેમેરાએ સૌથી પહેલા તિપ્તુરના કોંગ્રેસના ધારાસભ્ય શદક્ષરીને કેદ કર્યા હતા. સોમવારથી કર્ણાટક વિધાનસભાનું ચોમાસુ સત્ર શરૂ થયા બાદ આ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. એસેમ્બલી સ્પીકર યુ ટી ખાદરે કહ્યું કે કોરમ બેલ વાગે તે પહેલા વિધાનસભામાં આવનાર ધારાસભ્યોને ઓળખવાનો રિવાજ છે અને સ્પીકર દ્વારા તેમના નામની પ્રશંસા કરવામાં આવે છે. કેટલાક વરિષ્ઠ ધારાસભ્યો જેમ કે અરાગા જ્ઞાનેન્દ્ર, બસનાગૌડા પાટીલ યતનાલ (ભાજપના) અને કેટલાક વરિષ્ઠ મંત્રીઓએ વિનંતી કરી હતી કે કેટલાક ધારાસભ્યો, થોડો મોડો આવવા છતાં, છ કે આઠ વાગ્યા સુધી કાર્યવાહીમાં બેસી રહ્યા, પરંતુ કોઈએ ધ્યાન આપ્યું નહીં. આ એક અન્યાય છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "તેથી અમે પ્રથમ વખત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેમેરા લગાવ્યા છે જે ધ્યાન આપશે કે કોઈ સભ્ય કયા સમયે આવે છે અને જાય છે અને તે કેટલા સમય સુધી વિધાનસભામાં હાજર હતો. આ અંગેની માહિતી કાર્યવાહીના દિવસે ઉપલબ્ધ છે. આના અંતે અમારી પાસે વિધાનસભા સચિવની સિસ્ટમ પરનો ડેટા હશે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પહેલ સત્ર દરમિયાન ધારાસભ્યોની હાજરી અને ભાગીદારી સુધારવાના પ્રયાસનો એક ભાગ છે. તે જ સમયે, રાજ્યની વિધાનસભા અને સચિવાલયની બેઠક, વિધાનસૌધાને નવીનતા આપવાના ઉદ્દેશ્ય સાથે, પ્રથમ તબક્કામાં વિધાનસભા હોલના પશ્ચિમ પ્રવેશ દ્વારનું નવીનીકરણ કરવામાં આવ્યું છે, જેમાં લોખંડની જાળીવાળા દરવાજાને બદલવામાં આવ્યા છે. એક વિશાળ અને કોતરવામાં આવેલ ભવ્ય રોઝવૂડનો દરવાજો ગયો છે. તેનું ઉદ્ઘાટન આજે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા દ્વારા બંધારણની પ્રસ્તાવના ધરાવતી તકતી સાથે કરવામાં આવ્યું હતું.વિધાનસભા અધ્યક્ષે કહ્યું કે, "આપણી વિધાનસૌધા ભવન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આદરણીય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રતિનિધિમંડળો અને પ્રવાસીઓ વિધાનસૌધામાં આવે છે. તેને અંદર અને બહાર બંને રીતે સારું અને સન્માનજનક બનાવવાનું અમારું કામ છે. પહેલા હજુ ઘણું કામ કરવાનું બાકી છે, મને તમારા (સભ્યો)ના સૂચનો જોઈએ છે."

### દિલ્હી બાદ તમિલનાડુમાં પણ વીજળી મોંઘી

# સ્ટાલિન સરકારે લોકો પર વીજળીના બિલનો બોજ ૪.૮૩ ટકા વધાર્યો

**દેશની રાજધાની દિલ્હી બાદ હવે તમિલનાડુમાં વીજળીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે**

। (એજન્સી) તમિલનાડુ, તા.૧૬ ।

દેશની રાજધાની દિલ્હી બાદ હવે તમિલનાડુમાં વીજળીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. તમિલનાડુની સ્ટાલિન સરકારે વીજળીના બિલમાં ૪.૮૩%નો વધારો કર્યો છે. નવા વધેલા દરો અનુસાર હવે ૦ થી ૪૦૦ યુનિટ સુધી વીજળી વાપરવા માટે બિલ ૪ રૂપિયા ૬૦ પૈસાને બદલે ૪ રૂપિયા ૮૦ પૈસા ચૂકવવું પડશે.તમિલનાડુ સરકારના વધેલા ભાવો અનુસાર, ૪૦૧ યુનિટથી ૫૦૦ યુનિટનો ઉપયોગ કરવા માટે, ગ્રાહકે ૬ રૂપિયા ૧૫ પૈસાથી લઈને ૬ રૂપિયા ૪૫ પૈસા પ્રતિ યુનિટ ચૂકવવા પડશે. તે જ સમયે, ૫૦૧ યુનિટથી ૬૦૦ યુનિટનો ઉપયોગ કરવા માટે, ચુકવણી ૮ રૂપિયા ૧૫ પૈસાથી વધારીને ૮ રૂપિયા ૫૫ પૈસા કરવી પડશે.સરકારે ૬૦૧ થી ૮૦૦ યુનિટનો ઉપયોગ કરતા લોકોના ભાવમાં પણ ફેરફાર કર્યો છે. હવે ૬૦૧ થી ૮૦૦ યુનિટ વીજળી વાપરવા માટે ૯ રૂપિયા ૨૦ પૈસાના બદલે ૯ રૂપિયા ૬૫ પૈસા ચૂકવવા પડશે. આ સાથે ૮૦૧ યુનિટથી ૧૦૦૦ યુનિટ સુધીના વપરાશ માટે ૧૦ રૂપિયા ૨૦ પૈસાના બદલે ૧૦ રૂપિયા ૭૦ પૈસા ચૂકવવા પડશે. તે જ સમયે, ૧૦૦૦ થી વધુ યુનિટ્સ માટે તમારે ૧૧ રૂપિયા ૮૦ પૈસા ચૂકવવા પડશે. નવો ટેરિફ ૧ જુલાઈથી લાગુ કરવામાં આવ્યો છે.તમને જણાવી દઈએ કે દિલ્હીમાં પણ ગત મહિનાથી વીજળીના બિલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. અહીં મે મહિનાથી વીજળીના ભાવમાં વધારો કરવામાં આવી રહ્યો છે. આ વધારો ૧ મેથી ૩ મહિના માટે લાગુ કરવામાં આવ્યો છે. આ પછી, વીજળીના દરો નક્કી કરતી ડીઈઆરસી, વીજ કંપનીઓની અરજી અનુસાર આદેશો આપશે.

### ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાન રડવા લાગ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

PCB ઈચ્છે છે કે BCCI લેખિત પુરાવો પ્રદાન કરેઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) આવતા વર્ષે યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ને લઈને પહેલેથી જ તણાવમાં જોવા મળે છે. તેનું મુખ્ય કારણ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) છે, જેણે પોતાની ટીમ પાકિસ્તાન નહીં મોકલવાનો નિર્ણય લીધો છે.તાજેતરમાં બીસીસીઆઈએ ફરી પુનરોચ્ચાર કર્યો હતો કે તે પોતાની ટીમ પાકિસ્તાન નહીં મોકલે. ત્યારથી પીસીબી સતત રડતી જોવા મળી રહી છે. હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બીસીસીઆઈ પાસે લેખિતમાં આની માંગણી કરી છે.પીસીબીએ કહ્યું કે બીસીસીઆઈએ લેખિતમાં પુરાવા આપવા જોઈએ કે ભારત સરકારે સુરક્ષા કારણોસર ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન જવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો છે.

### દરભંગાના ઘરમાંથી વિકૃત લાશ મળી

# VIP પાર્ટી ચીફ મુકેશ સાહનીના પિતા જીતન સાહનીની બિહારમાં હત્યા

**દરભંગાના એસએસપીએ જણાવ્યું કે મુકેશ સાહનીના પિતા જીતન સાહનીની લાશ ઘરની અંદર વિકૃત હાલતમાં મળી આવી હતી**

। (એજન્સી) દરભંગા, તા.૧૬ ।

દરભંગાના એસએસપી જગુનાથ રેડ્ડીએ જણાવ્યું કે મુકેશ સાહનીના પિતા જીતન સાહનીની લાશ ઘરની અંદર વિકૃત હાલતમાં મળી આવી હતી. પોલીસ ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે. વિકાસશીલ ઈન્સાન પાર્ટી પાર્ટીના વડા અને બિહાર સરકારના પૂર્વ મંત્રી મુકેશ સાહનીના પિતા જીતન સાહનીની હત્યા કરવામાં આવી છે. કહેવાય છે કે ઘરમાં જ તેની હત્યા કરવામાં આવી હતી. દરભંગાના એસએસપીએ આ વાતની પુષ્ટિ કરી છે.એસએસપી જગુનાથ રેડ્ડીએ જણાવ્યું હતું કે તેનો મૃતદેહ ઘરની અંદર વિકૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસ ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે. જીતન સાહનીનું ઘર દરભંગાના સુપૌલ બજારની અફઝલા પંચાયતમાં છે.રિપોર્ટ અનુસાર, મુકેશ સાહનીની તીક્ષ્ણ હથિયાર વડે નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. જેના કારણે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે.બિહારમાં, મુકેશ સાહની વિકાસશીલ ઈન્સાન પાર્ટીના વડા છે. તેમની પાર્ટી ચૂંટણી પહેલા જ મહાગઠબંધનમાં સામેલ થઈ ગઈ હતી. લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ ડીલ મૂળ તો મુકેશ સાહની અને આરજેડી વચ્ચે થઈ હતી.મુકેશ સાહનીની એક ઓળખ 'સન ઑફ મલ્લાહ' છે. સાહની મૂળભૂત રીતે (મલ્લાહ/નિષાદ) રાજકારણ કરે છે. જો આપણે મતોની વાત કરીએ તો બિહારમાં નાવિકોની વસ્તી લગભગ સાત ટકા છે. તે જ સમયે, સાહનીનો અંદાજ છે કે આ સમુદાયની સંખ્યા લગભગ ૧૪ ટકા છે.

## વિશેષ

### અમદાવાદના સાણંદ તાલુકાની ૭૦થી વધુ મહિલાઓએ જીવામૃત બનાવવાની તાલીમ મેળવી

# તાલીમાર્થી મહિલાઓએ પ્રાકૃતિક કૃષિ સખી તાલીમના ભાગરૂપે ખોરજ ગામે શક્તિસિંહ વાઘેલાના દેવીઆનંદ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી

। (માહિતી) અમદાવાદ ।

ભાવિ પેઢી માટે પોષણક્ષમ આહાર અને તંદુરસ્ત શરીરનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે. જેના પગલે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે સઘન પ્રયાસો કરી રહી છે. આ પ્રયાસો અંતર્ગત તાજેતરમાં જ રાજ્યવ્યાપી કૃષિ સખી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓ કેવી રીતે પ્રાકૃતિક ખેતીમાં જોડાઈને આર્થિક સહયોગ કરવાની સાથે પ્રાકૃતિક કૃષિમાં વિવિધ પ્રયોગો કરીને સારું ઉત્પાદન મેળવી શકે તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા.





આ તાલીમના ભાગરૂપે સાણંદ તાલુકાના ૭૦ જેટલા મહિલા તાલીમાર્થીઓને સાણંદના ખોરજ ગામે આવેલા શક્તિસિંહ વાઘેલાના દેવીઆનંદ પ્રાકૃતિક ફાર્મની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ મહિલાઓને જીવામૃત બનાવવાની ઝીણવટભરી તાલીમ આપવામા આવી હતી. આ ઉપરાંત અહીં જીવામૃત બનાવીને લાઈવ ડેમો પણ આપવામાં આવ્યો હતો. સાથોસાથ પંચસ્તરીય બાગબાની ખેતી વિશે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક કૃષિના આયામો પૈકી જીવામૃત ખૂબ મહત્વનો આયામ છે. ત્યારે પ્રાકૃતિક ખેતીમાં જમીન માટે અમૃત ગણાતા જીવામૃતનું મહત્ત્વ, તેને બનાવવાની રીત તથા ફાયદા વિશે પણ કેટલીક માહિતી મેળવીએ.

**જીવામૃત એટલે શું?**

ગાયના છાણ અને ગૌમૂત્રમાં રહેલા બેક્ટેરિયાના દ્રાવણને જીવામૃત કહેવામાં આવે છે. આ જીવામૃતમાં ઘણાં બેક્ટેરિયા હોય છે, જે ખેતીમાં ખૂબ જ ઉપયોગી નીવડે છે.

**જીવામૃત બનાવવા માટે જરૂરી સામગ્રી**

જીવામૃત બનાવવા માટે ૧૦ કિગ્રા જેટલું દેશી ગાયનું છાણ, ૮થી ૧૦ લિટર જેટલું દેશી ગાયનું ગૌમૂત્ર, ૨ કિગ્રા જેટલો ગોળ, ૨ કિગ્રા જેટલો ચણાનો લોટ અને ૫૦૦ ગ્રામ જેટલી ઝાડની નીચેની માટી. તો આટલી સામગ્રીથી તૈયાર થશે જીવામૃત.

**જીવામૃત બનાવવાની રીત**

સૌ પ્રથમ ૨૦૦ લિટરનું એક ટીપણું લો. ઉપર દર્શાવેલ બધી વસ્તુઓને ટીપણામાં ઓગાળી લો. ત્યારબાદ ટીપણું ખાલી હોય તેટલું પાણી ભરો. તેના પછી સતત ૩ દિવસ સુધી લાકડી વડે ઘડિયાળના કાંટાની દિશામાં રોજ સવાર-સાંજ બે-ત્રણ મિનિટ સુધી હલાવો. આ દરમિયાન ટીપણાને કોથળાના બારદાનથી ઢાંકીને ઝાડની નીચે રાખો તે વધારે સારું રહે છે. એના સડવાથી એમોનિયા, કાર્બન ડાયોક્સાઈડ, મિથેન જેવા હાનિકારક વાયુઓનું નિર્માણ થશે. ૩ દિવસ બાદ તમારું જીવામૃત ઉપયોગ માટે તૈયાર થઈ જશે. તૈયાર કરેલા જીવામૃતનો ઉનાળામાં સાત દિવસની અંદર ઉપયોગ કરવો જોઈએ અને ઠંડા વાતાવરણમાં ૮થી ૧૫ દિવસ સુધી તેનો ઉપયોગ કરી શકાય છે, ત્યારબાદ તેમાં બેક્ટેરિયાનું પ્રમાણ ઘટી જાય છે, તેથી તેની અસરકારકતા ઘટી જાય છે, તેથી તેનો પાકમાં ઉપયોગ કર્યા વિના તેને જમીનમાં નાખીને તેનો નાશ કરવો જોઈએ.

**ન્યૂઝ બ્રિફ**

## સરકારી તબીબોના ઈન્સેન્ટીવમાં વધારો કરવામાં આવ્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અંગે આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત સરકારી હોસ્પિટલોમાં લાભાર્થીઓને અપાતી સારવારનું ધોરણ વધારવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મંત્રી ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે,સરકારી હોસ્પિટલોને મળતી PMJAYની આવકમાંથી હોસ્પિટલોના ડોક્ટર, પેરા-મેડીકલ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફને અપાતા ઈન્સેન્ટીવમાં મોટા પ્રમાણમાં વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

## મુકેશ અંબાણીના પુત્રના લગ્નમાં બ્લાસ્ટ કરવાની ધમકી આપનાર ઝડપાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

વિશ્વના ટોચના ધનિકોમાં સામેલ અબજપતિ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના લગ્નમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપનારો પકડાઈ ગયો છે. પોલીસે આરોપીને વડોદરામાંથી પકડ્યો છે. ઉલ્લેખનીય છે કે અનંત અંબાણીના લગ્ન ૧૨ થી ૧૫ જુલાઈ દરમિયાન બાંદ્રા કુર્લાના જિયો કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયા હતા. તેમાં વિશ્વભરના ઉદ્યોગપતિઓ, વડાપ્રધાન સહિત રાજકીય આગેવાનો તેમજ ફિલ્મી હસ્તીઓ સહિતની અન્ય પ્રતિભાશાળી હસ્તીઓએ હાજરી આપી હતી. આ દરમિયાન ઈમેલ દ્વારા અનંત અંબાણીના લગ્ન દરમિયાન બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી. તેમાં દુનિયાભરમાં ઉથલપાથલ મચાવવાની વાત કહેવામાં આવી હતી. ધમકી આપતો મેલ મળતા મુંબઈ પોલીસ દોડતી થઈ હતી અને તપાસનો ધમધમાટ વડોદરા સુધી પહોંચ્યો હતો.

## સુરતમાં જર્જરિત મકાનો ખાલી કરાવવા પહોંચેલી પોલીસનો વિરોધ

। (એજન્સી) સુરત,તા.૧૬ ।

સચિન-પાલી બિલ્ડિંગ દુર્ઘટના બાદ ગુજરાત સ્લમ બોર્ડ હાલમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ૩૯ વર્ષ પહેલા બનાવેલા તમામ ૧૭૧ ઈમારતો જર્જરિત થતા તેમાં વસવાટ ખાલી કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. બોર્ડના અધિકારીઓએ વસવાટ કરનારાઓને સમજાવવાનું શરૂ કર્યું છે. આ દરમિયાન આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે નળ જોડાણ કાપવાની કામગીરી હાથ ધરાઈ હતી, પરંતુ સ્થાનિકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થતાં હળવો બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી. સુરત પાલિકાના ઉધના બી ઝોનમાં સચિનના સર્વે નં./બ્લોક નં. ૧૮૨, ૧૮૩, ૧૮૪માં ૧૯૮૫માં ૯૫૦૦૦ ચો.મી. જગ્યામાં ૨૧૫ બિલ્ડિંગ ગુજરાત સ્લમ બોર્ડ હાલમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બનાવવામાં આવ્યા હતા.

### શહેરના ધારાસભ્યશ્રીઓ, શહેર પોલીસ કમિશ્નરશ્રી, તથા મંદિરના મહંત અને ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિ

# ભગવાન જગન્નાથજીની રથયાત્રા સુખરૂપ પૂર્ણ થતાં આભાર દર્શન અને સન્માન સમારોહ યોજાયો

### રથયાત્રા માટે સુરક્ષા બંદોબસ્તમાં તૈનાત રહેનાર પોલીસ અધિકારીશ્રીઓ, કર્મચારીઓનું સન્માન કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

૭ જુલાઈ, ૨૦૨૪ અષાઢીબીજના રોજ ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રા રંગેચંગે પૂર્ણ થઈ છે. જેમાં અમદાવાદ શહેર પોલીસે લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવ્યો હતો. પરિણામે રથયાત્રા કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના વગર સુખરૂપ સંપન્ન થઈ છે. ત્યારે તમામ ભાવિક ભક્તો વતી જગન્નાથજી મંદિર - જમાલપુર દ્વારા અમદાવાદ શહેર પોલીસનો આભાર દર્શન અને સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં રથયાત્રા માટે સુરક્ષા બંદોબસ્તમાં ખડેપગે રહેનાર પોલીસ અધિકારીશ્રીઓ, કર્મચારીઓનું સન્માન કરાયું હતું. સમારોહમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, મંદિરના મહંતશ્રી દિલીપદાસજી અને ટ્રસ્ટીશ્રીઓ, અમદવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક, ખાસ પોલીસ કમિશનર શ્રી અજય ચૌધરી, અધિક પોલીસ કમિશ્નરશ્રી તેમજ વિવિધ ઝોનના નાયબ પોલીસ કમિશનરશ્રીઓ અને સહાયક પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.









### સંપૂર્ણ રીતે ઓનલાઈન પેમેન્ટ પદ્ધતિથી લેવામાં આવશે

# મોબાઈલ એપ્લિકેશનનો અમલ શરૂ, ખેડૂતો અને વેપારીઓને ફાયદો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

દેશમાં વન પેદાશોના વહનમાં વધુ સરળતા તેમજ ઝડપ આવે તે માટે 'વન નેશન, વન ટ્રાન્ઝિટ પાસ' સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે. ગુજરાતમાં 'વન નેશન, વન ટ્રાન્ઝિટ પાસ' સિસ્ટમ અંતર્ગત આંતર રાજ્ય વન પેદાશોના પરિવહન માટેના 'ઈ-વાહતુક પાસ'ના અમલથી વેપાર તેમજ પરિવહનમાં વધુ ઝડપ-પારદર્શકતાની સાથે ખેડૂતો-વેપારીઓની આવક વધશે.વન મંત્રી મૂળુભાઈ બેરા તેમજ વન રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરથી કેન્દ્રની 'રાષ્ટ્રીય પરિવહન પાસ' પ્રણાલી માટેના ડેસ્કટોપ આધારીત વેબ પોર્ટલ તેમજ મોબાઈલ એપ્લિકેશનનો ગુજરાતમાં આજથી અમલ કરવામાં આવ્યો હતો.

વન મંત્રી મૂળુભાઈએ 'રાષ્ટ્રીય પરિવહન પાસ' પ્રણાલી અંગે વધુ વિગતો આપતા કહ્યું હતુ કે,જયારે એક રાજ્યથી બીજા રાજ્યમાં વન પેદાશો લઈ જવામાં આવે છે ત્યારે બોર્ડર-ચેકપોસ્ટ ઉપર જે તે રાજ્યના નિયમો મુજબ રકમ વસૂલ કરી નવેસરથી ટ્રાન્ઝિટ પાસ ઈસ્યુ કરવાની પ્રથા અમલમાં હતી. દરેક રાજ્યના નિયમો/ટ્રાંસિટ પાસની રકમ તેમજ સત્તાવાર ભાષા અલગ હોવાથી વન પેદાશોના વાહતુકમાં બાધા અનુભવાતી હતી. આ વહીવટી મુશ્કેલીઓ નિવારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'વન નેશન, વન ટ્રાન્ઝિટ પાસ'ના હેતુથી 'રાષ્ટીય પરિવહન પાસ પ્રણાલી'ના અભિગમને શરૂ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ ખાનગી જમીનો, સરકારી, ખાનગી ડેપો અને અન્ય વન પેદાશોનું અંતરરાજ્ય અને આંતર રાજ્ય પરિવહન માટે ટ્રાન્ઝિટ પાસે દેખરેખ અને રેકોર્ડ રાખવામાં મદદ કરે છે.

વન મંત્રીએ નેશનલ ટ્રાન્ઝિટ પાસ સિસ્ટમની મુખ્ય વિશેષતાઓ અંગે કહ્યું હતું કે, આ ડેસ્કટોપ આધારિત વેબ પોર્ટલ તેમજ મોબાઈલ એપ્લિકેશન તરીકે ઉપલબ્ધ છે. વેબ-પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા અધિકૃત વન પેદાશો માટે ટ્રાન્ઝિટ પાસ-અથવા મુક્તિ આપેલ જાતો માટેનો ઓબ્જેક્શન સર્ટિફિકેટ માટેની અરજીઓની ઓનલાઈન નોંધણી અને સબમિશન કરી શકાય છે. ખેડૂત મિત્રો દ્વારા ખાનગી જમીન પર ઉગાડવામાં આવતી પ્રજાતિઓ માટે સરળતા થી ઓનલાઈન અરજી કરી શકાય છે. વિવિધ જાતિઓની શ્રેણીના આધારે ટ્રાન્ઝિટ પાસે અથવા એનઓસી ઓનલાઈન ઈસ્યુ કરવામાં આવે છે. આ ઉપરાંત ટ્રાન્ઝિટ પાસ દીઠ રકમ રૂ. ૨૦ જે અગાઉ રોકડમાં લેવામાં આવતી હતી જે બંધ કરી હવે પોર્ટલ અથવા મોબાઈલ એપમાં સંપૂર્ણ રીતે ઓનલાઈન પેમેન્ટ પદ્ધતિથી લેવામાં આવશે.

મંત્રીએ સિસ્ટમના મુખ્ય ફાયદા સમજાવતા કહ્યું હતું કે, લાકડું અને અન્ય ગૌણ વન પેદાશો માટે ભૌતિક રીતે વન કચેરીઓમાં ગયા વિના ઘરે બેઠા ઝડપથી પાસ ઈસ્યુ થશે. મેન્યુઅલ પેપર આધારિત ટ્રાન્ઝિટ પાસને બદલે ઊઈ કોડ ધરાવતા પાસ ઈસ્યુ કરવામાં આવે છે. વેપાર કરવામાં સરળતા ખાતર વન પેદાશોના પરિવહન માટે હવે સમગ્ર ભારત માટે એક જ પાસની જરૂરીયાત રહેશે.

# મેન્દ્રા ગામે નવી પોલીસ ચોકીનું ઉદઘાટન કરતા જિલ્લા પોલીસ વડા




તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

।(પ્રતિનિધી) દેવગઢબારીઆ, તા.૧૬।

દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મેન્દ્રા ચોકડી ખાતે આવતી જતી પ્રજાજનોને સુરક્ષા મળી રહે અને ગુન્હાહિત બનાવ અટકે અને ગુન્હેગાર કોઈ પણ પ્રકાર નો ગુન્હો કરતા અટકે તે હેતુ થી બનાવવામાં આવેલ નવી પોલીસ ચોકીનું ઉદઘાટન દાહોદ જીલ્લા ના પોલીસ વડા ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ ના હસ્તે કરવા માં આવ્યું આ ચોકી બનાવવાથી મોટાભાગ ના થતા ગુન્હાઓ અટકાવી શકાશે અને નાસ્તા ભાગતા આરોપીઓને પણ પકડવામાં પણ આ ચોકી મદદરૂપ થશે આ ચોકડી થી મધ્ય પ્રદેશ છોટાઉદેપુર પાવાગઢ હાલોલ વડોદરા ગોધરા તરફ જવાય અને એક રસ્તો દેવગઢ બારીઆ નગર તરફ આવે છે આ રસ્તા પર સૌથી વધારે દારૂ ની ગાડીઓ અને મોટા ભાગે ગુન્હા કરી ચોરીઓ કરી ભાગતા આરોપીઓ મોટા ભાગે આજ રસ્તા નો ઉપયોગ કરે છે આ રસ્તા પર ઓવર્લોડ રેતિભરેલી ટ્રકો અને ડમ્પર ટોલાઓ પસાર થાય છે અને ગુનાહિત પ્રવુતિ કરી જે નાસી છૂટતા આરોપીઓ પણ આજ રસ્તા નો ઉપયોગ કરતા હોય છે માટે આ ચોકડી પર ચોકી બનાવવાથી પ્રજામાં આનંદ ની લાગણી છવાઈ છે.

### સહકાર ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે

# સમગ્ર ગુજરાતમાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' મોડલ લાગુ કરવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાત સરકારે રાજ્યના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ તરીકે 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ લાગુ કરી હતી, જેની સફળતા બાદ હવે આ પહેલને રાજ્યના બાકીના તમામ જિલ્લાઓમાં લાગુ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ નવી પહેલના સફળ પ્રયોગને કારણે બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં સહકારી મંડળીઓના સક્રિય સભ્યો દ્વારા ૪ લાખથી વધુ નવા ખાતા ખોલવામાં આવ્યા છે, જેના પરિણામ સ્વરૂપે સહકારી બેંકોની થાપણોમાં ૯૬૬ કરોડનો વધારો થયો છે. કેન્દ્ર સરકારે 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝન હેઠળ દેશભરમાં સહકારી સંસ્થાઓને મજબૂત કરવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ સહકાર ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. આવા જ એક પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરવામાં આવી હતી, જે ખૂબ જ સફળ રહી છે.સહકાર ક્ષેત્રની આ નોંધપાત્ર સિદ્ધિ અંગે ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, "મજબૂત સહકારી ક્ષેત્ર 'વિકસિત ગુજરાત'ના પાયામાં મજબૂત આધારસ્તંભ સાબિત થઈ શકે છે. જૂન ૨૦૨૩ અને જાન્યુઆરી ૨૦૨૪ની વચ્ચે, ગુજરાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની પરિકલ્પનાને અનુસરતા બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ શરૂ કરી હતી. આ સમયગાળા દરમિયાન, દૂધ સંઘો સાથે સંલગ્ન ૧૦૪૮ દૂધ મંડળીઓના પ્રવર્તમાન બેંક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે એકીકૃત કરવામાં આવ્યા અને વધારાનું ભંડોળ તેમના નવા બેંક ખાતાઓમાં સંપૂર્ણપણે ટ્રાન્સફર કરવામાં આવ્યું. બંને જિલ્લાની સહકારી બેંકોમાં ૪.૭ લાખથી વધુ નવા બચત ખાતા ખોલવામાં આવ્યા, જેના કારણે આ બેંકોની હાલની થાપણોમાં ૯૬૬ કરોડનો વધારો થયો. આ પહેલ હેઠળ સહકારી સંસ્થાઓ અને સક્રિય સભ્યોને કુલ ૩.૩૨ લાખ RuPay ડેબિટ કાર્ડ પણ જારી કરવામાં આવ્યા છે.

## કચ્છના પૂર્વ ડેપ્યુટી કલેક્ટર જે.ડી.જોશીની ધરપકડ

। (એજન્સી) બહુચરાજી, તા.૧૬ ।

ગુજરાતમાં સરકારી તંત્ર રામ ભરોસે ચાલે છે તેનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. ૧૮ વર્ષ પહેલાંના કૌભાંડમાં કચ્છના પૂર્વ ડેપ્યુટી કલેક્ટર જે.ડી.જોશીની ધરપકડ કરાઈ છે. તેમની સામે ચાર લોકોને ગેરકાયદે રીતે ફાયદો કરાવીને સરકારની તિજોરીને રૂપિયા ૯૭.૬૮ લાખ રૂપિયાનું નુકસાન પહોંચાડવાનો આરોપ છે. જોકે, મહેસૂલ વિભાગને જે.ડી.જોશીના કૌભાંડની જાણ થવામાં આટલો લાંબો સમય કેમ લાગ્યો એ મોટો સવાલ છે. પૂર્વ ડેપ્યુટી જે.ડી.જોશીએ ૨૦૦૭-૦૮માં આચરેલા કૌભાંડની તપાસમાં મહેસૂલ વિભાગે વર્ષો કાઢી નાખ્યાં. આ દરમિયાન તે નિવૃત્ત પણ થઈ ગયા હતા. તેમને નિવૃત્તિના તમામ લાભ પણ આપી દેવાયા હતા. હવે જે.ડી. જોશીએ પોતાની સત્તાથી ઉપરવટ જઈને જમીનોને લગતા હુકમ કરી સરકારને રૂપિયા ૭૯.૬૮ લાખનું નુકસાન પહોંચાડ્યાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે તેમની બહુચરાજીથી ધરપકડ કરી છે. ભુજ ગ્રામ્યના મામલતદાર ભરત શાહે એ ડિવિઝન નોંધાવેલી પોલીસ ફરિયાદમાં દાવો કર્યો છે કે, તત્કાલીન પ્રાંત અધિકારી જે.ડી.જોશીએ રાજ્ય સેવક હોવા છતાં સરકાર સાથે વિશ્વાસઘાત કર્યાનું બહાર આવતાં ફરિયાદ નોંધાવીને આ મામલે વધુ તપાસ હાથ ધરાઈ છે. જે.ડી. જોશી સામે ભુજ તાલુકાના માધાપર ગામના રામજી શામજી પીંડોરીયાને સરકારી જમીન વિનામૂલ્યે આપી સરકારને ૩,૫૪,૪૦૦ રૂપિયાનું આર્થિક નુકશાન પહોંચાડવાનો આરોપ છે. આ ઉપરાંત એશિયા મોટર વર્કસ લિમિટેડ બિનખેડૂત હોવા છતાં જાન્યુઆરી ૨૦૦૬માં કરવામાં આવેલી અરજીના આધારે અરજદારની ખેતીની જમીનનું દબાણ નિયમબદ્ધ કરવા માટે નજીવી રકમ લીધી હતી.

### ૫૦૦૦ નકલી નોટ સાથે બે આરોપીઓ ઝડપાયા

# ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વાહન ચેકિંગ દરમિયાન નકલી ચલણી નોટો ઝડપાઇ

। (એજન્સી) ભરૂચ, તા.૧૬ ।

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે હિસ્ટ્રીશીટરને રૂપિયા ૫૦૦ જેવી દેખાતી ૫૦૦૦ નકલી નોટ સાથે ઝડપી પાડ્યા છે. ઝડપાયેલ આરોપીની પોલીસે પૂછપરછ શરૂ કરી ક્યાં કાવતરાના ભાગરૂપે આ નકલી પૈસાના બંડલ રાખવામાં આવ્યા હતા તે અંગે પૂછપરછ શરૂ કરી છે. બનાવ સંદર્ભે અંક્લેશ્વર શહેર "બી" ડીવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે. અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવેલા આ બે શખ્શોએ પોલીસને મૂંઝવણમાં મૂકી છે. ૬૫ વર્ષીય નઝીરભાઈ હુસેનભાઈ મલેક અને ૬૧ વર્ષીય ધનસુખભાઈ ચીમનલાલ વૈધ અંકલેશ્વર નજીકથી કારમાં પસાર થતા શંકાસ્પદ હાલતમાં ભરૂચ ક્રાઈમ બ્રાન્ચના સબ ઈન્સ્પેકટર એમ એમ રાઠોડની ટીમને મળી આવ્યા હતા. બંને જે કારમાં જતા હતા તે કારને અટકાવી તલાસી લેવામાં આવતા કારમાંથી રૂપિયા ૫૦૦ જેવી દેખાતી નકલી ચલણના ૫૦ બંડલમાં ૫૦૦૦ નોટ મળી આવી હતી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨